॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥


## શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ

# બાળ સત્સંગ

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

**સંપાદક**

**મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી**




**: પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: પ્રકાશક :**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ વતી
મહંત સ્વામીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી



© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન



**: આવૃત્તિ :**

વિ.સં. ૨૦૬૯ પ્રત : ૫૦૦૦

**: કિંમત :**

રાહત દરે રૂા. ૧૦/-

**: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: ટાઈપ સેટીંગ અને મુદ્રક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

## પ્રસ્તાવના

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ છેલ્લા ઘણા વરસોથી સત્સંગની ભાવિ પેડી માટે સુંદર પ્રવૃતિ કરે છે. દર વર્ષે ડિસેમ્બર માસમાં કુલ ૪ વિભાગમાં પરીક્ષા લેવાય છે. જેમાં અમદાવાદ શહેર અને ગામડાઓના નાના કેન્દ્રોમાં ઉત્સાહી યુવાન હરિભક્તો ખૂબજ રસ લઈને આવી પ્રવૃતિને વેગ આપે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણાથી આ વરસે કુલ ૪ વિભાગના નવા પુસ્તકો વિશિષ્ટ માહિતી અને ઘણી બધી બાબતો જે અગાઉના પુસ્તકોમાં સમાવિષ્ટ નહતી તેને આવરી લીધી છે.

તો દરેક સંચાલકશ્રીઓએ તેનો સંપૂર્ણ અભ્યાસ કરવો. ઉપરોક્ત નવું પ્રકાશન ધાર્મિક શિક્ષણને બાળકોને ખૂબજ ઉપયોગી બનસે અને સંપ્રદાયનું પાયાથી લઈ વર્તમાન સમયનું પણ જ્ઞાન પ્રાપ્ત કરીને આપણા મૂળ સંપ્રદાયનો પાયો મજબૂત થશે તેમાં શંકાને સ્થાને નથી. અમારો આ પ્રયાસ અમદાવાદ મૂળી અને કચ્છભૂજના દરેક ગામોમાં ધાર્મિક પરીક્ષાનું આયોજન થાય તે માટેનો છે. તો આપ સૌ જરૂર આપના ગામમાં આ માટેના આગોતરા પ્રયાસ કરીને નવા કેન્દ્ર પણ શરૂ કરશો. એવી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

**મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી**
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૧.

## સત્સંગ પ્રતિજ્ઞા

- ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે.
- ધર્મકુળના આશ્રિતો મારા સાચા સગા છે.
- પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મારા ધર્મગુરુ છે. તેમની આજ્ઞાનું હંમેશા પાલન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનું જ ધ્યાન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ પ્રતિમાની જ નિત્યપૂજા કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ ગ્રંથોનું જ વાંચન કરીશ.
- માતા-પિતા-ગુરુ અને વડીલોને માન આપીશ.
- આચાર્ય મહારાજશ્રી, સંતો તથા હરિભક્તો પ્રત્યે આદર રાખીશ.
- શિક્ષાપત્રીના નિયમોનું હંમેશાં પાલન કરીશ.
- આ જન્મે અક્ષરધામમાં જવાય તેવું જીવન જીવીશ.

● આ પ્રતિજ્ઞા દરેક બાળકોએ મુખ પાઠ કરવી ●

# પૂજાવિધિ

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આપણા માટે નિત્યક્રમ બતાવ્યો છે. જેમાં નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવું અને યથાશક્તિ ભગવાનનું ધ્યાન કરવું. પછી શૌચવિધિ કરવા જવું. શૌચવિધિ કર્યા પછી પવિત્ર માટીથી ડાબો હાથ દશ વાર ધોવો અને બન્ને હાથ ભેગા કરી સાતવાર ધોવા (હાથ-પગ સાબુથી ધોઈ સ્વચ્છ કરવા) અને પછી એક સ્થાને બેસીને બ્રશ કે દાતણ કરવું. દાતણ કરી મુખશુદ્ધિ કરવી પછી પવિત્ર ગાળેલ જળથી સ્નાન કરવું. સ્નાન કરતી વખતે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સ્મરણ કરવું તથા પવિત્ર નદીઓના નામ દઈ આહવાન કરવું કે મારા સ્નાન કરવાના જળમાં આપ પધારો અને શરીરથી શુદ્ધિ સાથે મનની શુદ્ધિ કરી પવિત્રતા આપો. સ્નાનવિધિ પછીનું સૌ પ્રથમ કાર્ય પૂજાવિધિ આવે છે. નિત્ય પૂજા એ આત્માનો ખોરાક છે. માટે પૂજા અવશ્ય કરવી અને તિલક ચાંદલો પણ ભભકાદાર કરવો.

### ૧. પૂજાવિધિમાં ધ્યાનમાં રાખવાની બાબતો

(૧) પૂજા એકાગ્ર ચિત્તે કરવી, પૂજા દરમ્યાન મૌનવ્રત પાળવું.
(૨) પૂજા કર્યા સિવાય ચા, નાસ્તો, ભોજન કે પાણી પણ પીવાય નહી.
(૩) બહારગામ જઈએ ત્યારે આપણી પૂજા અવશ્ય સાથે લઈ જવી.
(૪) પૂજા ઘરમંદિરમાં કે બીજા વ્યક્તિની પૂજા કરવી નહી પણ દરેક વ્યક્તિએ પોતાની અલગ પૂજા રાખવી.

### ૨. પૂજાની પૂર્વ તૈયારી

સ્નાનવિધિ કર્યા બાદ એક ધોયેલું પવિત્ર વસ્ત્ર પહેરવું અને એક ધોયેલું પવિત્ર ઉવસસ્ત્ર ઓઢવું, ઉપવસ્ત્ર (ખેસ) ઓઢ્યા વિના પૂજા કરાય નહિ. પૂજા કરવા માટે શક્ય તેટલું શાંત-એકાન્ત અને સ્વચ્છ સ્થળ પસંદ કરવું.

ત્યારપછી પવિત્ર ભૂમિ પર એક આસન પાથરી તેના પર પૂર્વ કે ઉત્તર મુખે બેસવું. પોતાના આસનની બરાબર સામે બીજું એક આસન ભગવાનની મૂર્તિ પધરાવવા માટે પાથરવું. પૂજાપેટી ખોલી આ આસન પર બંધ રાખેલ મૂર્તિ, શિક્ષાપત્રી, માળા-ગૌમુખી તથા તિલક ચાંદલાનો સામાન વ્યવસ્થિત રીતે મૂકવો.



### ૩. આચમન વિધિ

સ્નાન વિધિની જેમ શરીરની શુદ્ધિ થાય છે તેમ આચમન વિધિથી આત્માની શુદ્ધિ થાય છે. શુદ્ધ ગાળેલા જળથી ભરેલા પાત્રમાંથી જમણા હાથની હથેળીમાં ચમચી વડે અડદનો દાણો ડૂબે તેટલું જળ લેવુ પછી જમણા હાથનો અંગુઠો વચલી આંગળીના મધ્ય પર્વ ઉપર અડાડી ડાબો હાથ જમણા હાથની નીચે અડાડવો પછી ૐ શ્રી નારાયણાય નમઃ એમ બોલી પ્રથમ આચમન કરવું. એજ રીતે ૐ શ્રી વાસુદેવાય નમઃ એમ બોલી બીજુ આચમન કરવું પછી ૐ શ્રી વિષ્ણવે નમઃ બોલી ત્રીજીવાર આચમન કરવું પછી હાથ ધોઈ લૂછી નાખવા.

### ૪. તિલક-ચાંદલો

ચંદન ઘસવાના ઓરસીયામાં માપનું જળ લઈ ચંદન ઘસવું. બહુ જાડુ કે પાળતું ન રહે તેવું બનાવી તિલકીયા પર લગાડવું. સૌ પ્રથમ લલાટમાં બે ભ્રમર વચ્ચે તિલકીયાનો છેડો ગોઠવી ૐ શ્રી વાસુદેવાય નમઃ એમ બોલી તિલક કરવું તેવી જ રીતે હૃદયને વિષે ૐ શ્રી સંકર્ષણાય નમઃ એમ બોલી તિલક કરવું તેમજ જમણા હાથ પર ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ એમ બોલી તિલક કરવું તથા ડાબા હાથના બાવડા પર ૐ શ્રી અનિરુધ્ધાય નમઃ એમ બોલી તિલક કરવું ત્યારબાદ લલાટમાં તિલકના મધ્યમાં કુંકુમ અથવા ચંદનનો ચાંદલો કરવો. હૃદયમાં તથા બે હાથમાં તિલકના મધ્યમાં ચંદનનો ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કપાળના મધ્યમાં કુંકુમનો ચાંદલો કરવો અને વિધવા સ્ત્રીઓએ તિલક પણ ન કરવું અને ચાંદલો પણ ન કરવો.

### ૫. માનસી પૂજા

પદ્માસન કે સિધ્ધાસને ટટ્ટાર બેસી નેત્રો બંધ કરી ભગવાનની માનસી પૂજા કરવી. માનસી પૂજા કરતી વખતે મનમાં ઉઠતા સાંસારીક વિચારોને છોડી આત્મ વિચાર કરવો. હું આત્મા છું, બ્રહ્મ છું મારા હૃદયમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન છે. તેમના સ્વરૂપનું ચિંતવન કરવું અને મનના સંકલ્પો દ્વારા ઘંટનાદ કરી પ્રભાતિ કીર્તન બોલી ભગવાનને જગાડવા, શૌચ વિધિ કરાવવી, દંતધાવન કરાવવું, સ્નાન કરાવવું, સારા વસ્ત્રો, અલંકારો પહેરાવવા, પુષ્પહાર પહેરાવવા, ચંદન ચર્ચવું, ધુન દીપ કરી ભગવાનની આરતી ઉતારવી પછી બદામ-ઈલાયતીવાળુ ગરમ દૂધ

તથા યથારૂચિ બાળભોગ ધરાવવો પછી ચળુ કરાવી જલપાન કરાવવું પછી મુખવાસ અર્પણ કરવા. આવી રીતે સવારની માનસી પૂજા કરવી.

### ૬. આહ્‌વાન

સામેના આસન પર બંધ રાખેલ મૂર્તિઓ એક સ્વચ્છ પવિત્ર વસ્ત્રથી ભગવાનને માર્જન કરી યોગ્ય ક્રમમાં પધરાવવી. ત્યાર પછી બે હાથ જોડી નીચે પ્રમાણે આહ્‌વાન મંત્ર બોલી આહ્‌વાન કરવું.

ઉત્તિષ્ઠોતિષ્ઠ ગોવિન્દ ! ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ! ઉત્તિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈલોક્યંમંગલંકુરુ.

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ સ્વામિનારાયણો પ્રભો, ધર્મસૂનો દયાસિન્ધો સ્વેષાં શ્રેયઃ પરં કુરુ.

આગચ્છ ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્પરમેશ્વર ! અહં પૂજા કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ.

### ૭. મંત્ર જાપ

ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી પાસેથી ગુરૂમંત્ર લીધો હોય તેમણે ગુરુમંત્રની એક માળા ફેરવવી અને પછી ભગવાનના દર્શન કરતાં કરતાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નામની ઓછામાં ઓછી ૫ માળા ફેરવવી. જમણા હાથથી અંગુઠા પછીની પહેલી આંગળી માળાને ન અડે તેમ દૂર રાખી બીજી આંગળી પર માળા રાખી અંગુઠા વડે એક એક મળકો લઈ સ્વામિનારાયણ મહા મંત્રનો જાપ કરવો. માળાના દરેક મણકે મંત્રનો જાપ કરવો. માળા ફેરવતાં મેર-ફુમતું આવે ત્યારે માળાને ઉલટાવી ફરી માળાની શરૂઆત કરવી. ૧૦૮ મણકાની માળા ગૌમુખીમાં રાખીને ફેરવવી. ખુલ્લી માળા ફેરવવી નહી.

### ૮. તપની માળા

ડાબે પગે ઉભા રહી બંને હાથ ઊંચા રાખીને તપની એક માળા ફેરવવી. માળા ફેરવતા આંખો ખુલ્લી રાખી ભગવાનના દર્શન કરવા. શ્રી નીલકંઠવર્ણીએ પૂલ્હાશ્રમમાં આ રીતે ઉભા રહી તપશ્ચર્યા કરી હતી. તેથી મનમાં શ્રી નીલકંઠવર્ણીની સ્મૃતી રાખવી.

આ રીતે કઠીન તપ કરવાથી ભગવાન જલ્દી પ્રસન્ન થાય છે. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ભક્તિ અચલ રહે તેવા શુભ સંકલ્પની આ માળા કરવી.



### ૯. પ્રદક્ષિણા

મંત્રજાપ સાથે માળા ફેરવતાં ફેરવતાં ઘડીયાળના કાંટાની દિશામાં ૧૧ અથવા યથા શક્તિ પ્રદક્ષિણા કરવી. જીવનમાં ભગવાનને કેન્દ્ર સ્થાને રાખવાના શુભ સંકલ્પ સાથે ભગવાનને વિશે મન એકાગ્ર રાખીને માળાના મણકે મણકે મંત્રજાપ કરતાં પ્રદક્ષિણા કરવી.

### ૧૦. સાષ્ટાંગ દંડવત પ્રણામ

પુરુષ વ્યક્તિએ તેમણે પાંચ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવાં અને સ્ત્રી ભક્તોએ પંચાઙ્ગ દંડવત પ્રણામ કરવા. જાણે અજાણે થયેલ અપરાધની ક્ષમા માટે છઠ્ઠો દંડવત કરવો અને નીચેનો શ્લોક બોલવો.

અપરાધ સહસ્ત્રાણિ, ક્રિયન્તેડહર્નિશં મયા,
દાસોડયમિતિમાંમત્વા, ક્ષમસ્વ પુરષોત્તમ.

હાથ, પગ, ઘુટણ, છાતી, લલાટ, દૃષ્ટિ, મન અને વચન શરીરના આ આઠ અંગો સહિત જમીન પર ભગવાનની સામે કરવામાં આવતા પ્રણામને સાષ્ટાંગ દંડવત પ્રણામ કહેવાય છે.

હાથ, મસ્તક, દૃષ્ટિ, મન અને વચન આ પાંચ અંગો સહિત જમીન પર ભગવાનની સામે કરવામાં આવતા પ્રણામને પંચાઙ્ગ પ્રણામ કહેવાય છે.

### ૧૧. પ્રાર્થના

પ્રદક્ષિણા તથા દંડવત પ્રણામ કરી ફરી આસન પર બેસી બે હાથ જોડી પ્રાર્થના કરવી.

હે મહારાજ ! અમારી ચાર પ્રકારના કુસંગ થકી રક્ષા કરજો. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજો.

આપના એકાન્તિક ભક્તોની અને માતા-પિતાની સેવા કરી શકું એવી શક્તિ આપજો તથા હે મહારાજ ! તમારે વિષે સદાય અચળ ભક્તિ રહે તેવી કૃપા કરજો. આપ મારા અંતરમાં અખંડ વાસ કરજો. અને આપની આજ્ઞા પ્રમાણે વર્તાય તેવું બળ આપજો.

### ૧૨. વિસર્જન તથા શિક્ષાપત્રી પાઠ

પ્રાર્થના કર્યા પછી નીચેનો વિસર્જન મંત્રી બોલવો.

સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્
ઈષ્ટકામ પ્રસિદ્ધ પુનરાગમનાય ચ

ઉપરોક્ત મંત્ર બોલ્યા પછી શિક્ષાપત્રીનાં ૫ અથવા ૧૦ શ્લોકનું યથાશક્તિ વાંચન કરવું. શિક્ષાપત્રીમાં શ્લોકની નિશાની માટે ભગવાનની મૂર્તિ તથા કેલેન્ડર રાખી શકાય. જેને વાંચતા ન આવડતું હોય તેમણે બીજા થકી શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. વાંચી સંભળાવનાર કોઈ ન હોય તો શિક્ષાપત્રીએ ભગવાનનું સ્વરૂપ છે. એવી ભાવનાથી પ્રીતિપૂર્વક શિક્ષાપત્રીની પૂજા કરવી.

ત્યારબાદ ભગવાની મૂર્તિઓને ચરણસ્પર્શ કરી મૂર્તિઓ ભેગી કરી પૂજા સંકેલી લેવી. પૂજાની સામગ્રી વ્યવસ્થિત રીતે સમેટીને પૂજાપેટી વ્યવસ્થિત જગ્યાએ મૂકવી.

પૂજા કર્યા બાદ ઘરમંદિરમાં ઠાકોરજીમાં દર્શન કરવાં અને માતા-પિતાને પંચાગ પ્રણામ કરીને ઉપસ્થિત સર્વને જય સ્વામિનારાયણ કહેવા પછી પૂજાનાં વસ્ત્રો બદલીને અલગ મૂકવાં અને આપના વિસ્તારમાં કે ગામમાં મંદિર નજીક હોય તો મંદિરમાં દર્શન કરવા જવું. ત્યાર પછી જ વ્યાવહારીક કામકાજ કરવું.

આ પ્રમાણે સવારે વહેલા ઉઠી સ્નાન કરી પવિત્ર થઈ ભગવાનની નિત્ય પૂજા કરવી.

## શ્રીહરિની સંક્ષિપ્ત જીવન ચર્યા

(૧) ૧૧ વર્ષ ૩ માસ ૧ દિવસ - શ્રીહરિ શ્રી ધર્મ ભક્તિને ભુવનને વિષે રહ્યા.

(૨) ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ - બ્રહ્મચારીના વેષે તીર્થોમાં ફર્યા.

(૩) ૧૦ માસ ૬ દિસ - લોજ ગામમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા.

(૪) ૧ વર્ષ ૫ માસ ૧૬ દિવસ - શ્રી રામાનંદ સ્વામી પાસે રહ્યા.

(૫) ૨૮ વર્ષ ૫ માસ ૨૭ દિવસ - સત્સંગમાં વિચરણ કર્યું.

(૬) ૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ - આ પૃથ્વી ઉપર વિચરણ કર્યું.



# વિભાગ-૧ બાળચરિત્ર

## ૧. અવતાર માટે નીમીત્ત

ધરતી આપણી માતા છે.

ધરતી પર પાપ વધે તો ધરતી દુઃખી થાય.

ધરતીનું દુઃખ તે ઋષિમુનિઓથી સહન ન થાય.

એકવાર મરીચી, હારિત, ગૌતમ, ભૃગુ, ભરદ્વાજ વગેરે એકસો ઓગણચાલીશ જેટલા ઋષિમુનિઓ શ્રી નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા બદરિકાશ્રમમાં આવ્યા. ગંગાજીમાં સ્નાન કરી શ્રી નરનારાયણ ભગવાનને પ્રણામ કર્યા. ત્યારે શ્રી નારાયણ ભગવાને પૂછ્યું : 'હે ઋષુમિનિઓ, પૃથ્વીના શા ખબર છે ?'

ત્યારે ઋષિમુનિઓએ કહ્યું : 'ભગવાન, પૃથ્વી પર પાપનો ભાર ખૂબ વધી ગયો છે. દુરાચારે માઝા મૂકી છે. ધર્મના નામે દંભ અને પાખંડ પ્રવર્તે છે. નિર્દોષ પ્રજાનું કોઈ ધણીધોરી નથી.'

આ વાતચીત ચાલતી હતી ત્યારે ધર્મદેવ અને ભક્તિમાતા ત્યાં પધાર્યા એટલે શ્રી નારાયણ ભગવાનને તેમ પૃથ્વીના દુઃખની વાત કરી. આ બધાં આ સાંભળવામાં તલ્લીન હતાં, એવામાં દુર્વાસા મુનિ ત્યાં પહોંચ્યા, પણ કોઈને તેની ખબર પડી નહિ.

દુર્વાસા મુનિ ખૂબ ક્રોધી હતા. તેમને ખોટું લાગ્યું કે અહીં મારો કોઈ સત્કાર કરતું નથી. તેથી ગુસ્સે થઈ તેમણે સૌને શાપ દઈ દીધો, 'તમે બધા પૃથ્વીની ચિંતામાં મને ભૂલી ગયા છો, તો જાઓ, પૃથ્વી પર મનુષ્ય થઈને રહો અને અસુરોના હાથે કષ્ટ પામો !'

હવે બધા ભાનમાં આવ્યા. તેમણે દુર્વાસા મુનિને પ્રાર્થના કરી : 'મહામુનિ, અમારા પર દયા કરો !' ત્યારે દુર્વાસાએ કહ્યું : 'મારો શાપ મિથ્યા નહિ થાય, પણ એ નિમિત્તે તમારા હાથે પૃથ્વી પરનો ભાર ઓછો થશે. નારાયણ ભગવાન પોતે ધર્મ ભક્તિના પુત્ર રૂપે અવતરશે અને વિશ્વનું કલ્યાણ કરશે. તે પછી તમે સૌ શાપથી મુક્ત થશો !'

હવે શ્રી નારાયણ ભગવાને મંદ હસતાં હસતાં કહ્યું : 'મારી ઈચ્છાથી જ શાપ થયો છે. એમ સમજો ! સંતનો શાપ એ શાપ નથી, વરદાન છે ! પૃથ્વી

પરનો ભાર ઓછો કરી સાચા ધર્મની સ્થાપના કરવા હું સ્વયં ભક્તિ-ધર્મના પુત્રરૂપે અવતરીશ, માટે તમે પણ બધા પૃથ્વી પર અવતરો !'

આ સાંભળી બધા ખૂબ પ્રસન્ન થયા.

દુર્વાસાનો શાપ, શાપ મટી વરદાનરૂપ બની ગયો.

## ૨. વૃત્તી પરીક્ષા

બાળ ઘનશ્યામ હજી તો ભાંખડિયે ચાલતા હતાં. ત્યાં એક દિવસ ધર્મદેવને વિચાર આવ્યો કે પૃથ્વી પર આ બાળકનો જય જયકાર થવાનો છે તે કેવી રીતે થશે ?

શું તે મોટો રાજા થશે ? બધા દેશ જીતીને ચક્રવર્તી મહારાજા થશે ? કે શું એ મોટો શ્રીમંત થશે ? દેશ પરદેશમાં પેઢીઓવાળો શાહ સોદાગર થશે ? કે પછી એ મોટો જ્ઞાની પંડિત થશેને દુનિયામાં પંકાશે ?

ઘનશ્યામનો કઈ રીતે જય જયકાર થવાનો છે એ જોવા માટે એમણે એક યુક્તિ કરી. એમણે પાટલા પર ત્રણ ચીજો મૂકી. છરી, મહોર અને ગ્રંથ. આ ગ્રંથનું નામ ભગવદગીતા.

પછી તે ઘનશ્યામને પાટલા પાસે લઈ આવ્યા. ઘનશ્યામ જો છરી ઉપાડે તો સમજવું એ રાજા થશે, જો મહોર ઉપાડે તો સમજવું કે શ્રીમંત થશે અને ગ્રંથ ઉપાડે તો સમજવું કે વિદ્વાન થશે.

દરેક બાળક સામાન્ય રીતે ચળકતી ચીજ લેવા દોડે. એવી ચળકતી ચીજ બે હતી. - છરી અને મહોર ! પણ ઘનશ્યામ તો ગીતાનો ગુટકો લીધો. લીધો એમ નહિ, ઉઘાડીને જાણે વાંચવા બેઠા !

ધર્મદેવે ઉઘાડેલું પાનું જોયું. તો એમાં લખેલ હતું : 'જ્યારે જ્યારે દુનિયામાં પાપ વધી જાય છે. ત્યારે હું અવતાર લઉં છું.'

ધર્મદેવને ખાતરી થઈ કે ચક્રવર્તી રાજા , શ્રીમંત શાહ સોદાગર કે જ્ઞાની પંડિતોનોય આની આગળ કાંઈ હિસાબ નથી, આ તો બધાં કરતાં મોટો છે. ભગવાનનો ભગવાન છે !

## ૩. કાલીદત્ત વધ

કાલીદત્ત મહાદુષ્ટ હતો. એને કોઈ રીતે બાળ ઘનશ્યામનો નાશ કરવો હતો. એક દિવસ બાળ ઘનશ્યામ બગીચામાં આંબા હેઠળ બાળકો ભેગા



રમતા હતા, ત્યાં કાલીદત્ત કપટી વેશ ધારણ કરી તેમના ભેગો ઘૂસી ગયો. તેની ઈચ્છા ઘનશ્યામને પકડી લેવાની હતી, પણ પકડવા જતાં ઘનશ્યામ ભયાનક અગ્નિ જેવા દેખાયા, એટલે પાછો પડ્યો. હવે ? તેણે એની વિદ્યા ચલાવી. ભયાનક વંટોળિયો શરૂ થયો, વીજળીના કડાકાને ભડાકા થવા માંડ્યા અને મુશળધાર વરસાદ વરસવા માંડ્યો. કેટલાંક વૃક્ષો પડી ગયાં, કેટલાંય પશુ-પક્ષીઓ મરી ગયાં. એક બીજાનું મોં ન દેખાય તેવું બધે અંધારુ હતું. આ બાળકો વૃક્ષ હેઠળ બીતાં બીતાં ઊભાં હતાં, ઘનશ્યામ ક્યાં છે તેની તેમને ખબર નહોતી, અને આવા તોફાનમાં કોઈ કોઈની ખબર કાઢવા જઈ શકે એવું નહોતું.

કાલીદત્તે આ લાગ સાધ્યો. તેણે એવી માયા કરી કે બાળ ઘનશ્યામ જે આંબાના ઝાડ નીચે બેઠા હતા, તેની પર પર્વતકાય બની પડતું મૂક્યું. તે આખું વૃક્ષ ભાંગીને તેમની ઉપર પડ્યું ! પડ્યું તો ખરું, પણ એ કાલીદત્તના જેવું દુષ્ટ નહોતુ ? તે ઘનશ્યામની ઉપર છત્ર થઈને પડ્યું. હવે ઘનશ્યામને વાવંટોળ કે વરસાદની સામે રક્ષણ મળી ગયું.

કાલીદત્ત તો આભો જ બની ગયો. ઘનશ્યામને જીવતા જોઈ એ ફરી એમને પકડવા ધસ્યો. પણ આ વખતે ઘનશ્યામની સામે નજર પડતાં જ એ ભૂત ભરાયું હોય એમ ભાગા ભાગ કરવા લાગ્યો અને વંટોળમાં તૂટી પડતા એક ઝાડ હેઠળ ચગદાઈને એ મરી ગયો.

હવે વરસાદ અને વંટોળ શમ્યો. દરમિયાન ગામમાં તેમના માતા-પિતા બાળકોની શોધાશોધ કરતાં હતાં. ફાનસો અને મસાલો લઈને બધાં બાળકોને શોધવા નીકળી પડ્યાં હતાં, ધર્મદેવ અને ભક્તિમાતા પણ ઘનશ્યામને શોધવા નીકળ્યાં હતાં, ઘનશ્યામનાં મામી જે સુંદરીબાઈ તેમને ઘનશ્યામના મોટા ભાઈ રામપ્રતાપભાઈ પણ નાનાભાઈને શોધવા નીકળ્યા હતા. ગામના બીજા છોકરાઓ તો મળી આવ્યા, પણ ઘનશ્યામ દેખાયા નહિ. એ છોકરાઓએ કહ્યું કે અમે એમને આંબા હેઠળ બેસાડ્યા હતા, પછી શું થયું એ અમને ખબર નથી.,

આ સાંભળી સુંદરીબાઈને ફાળ પડી. તેઓ દોડતાં દોડતાં આંબા હેઠળ પહોંચી ગયા ત્યાં જોયું તો બાળ ઘનશ્યામ જાણે કાંઈ બન્યું ન હોય તેમ આનંદ કિલ્લોલ કરતા હતા. 'હરિ મળ્યા ! હરિ મળ્યા !' કહી સુંદરી મામીએ

બૂમ પાડી. ભક્તિમાતા સમેત સૌ ત્યાં દોડી ગયાં. સુંદરી મામીએ બાળ ઘનશ્યામને તેડી લઈ. ભક્તિમાતાના ખોળામાં મૂક્યાં. માતાના આનંદનો પાર ન રહ્યો. તેમણે પોતાની ડોકમાંથી કીમતી હાર કાઢી સુંદરીમામીને ભેટ દઈ દીધો ! ઘનશ્યામ મળ્યાના સુખ આગળ બીજા કોઈ સુખની કશી કિંમત નથી ?

## ૪. મલ્લકુસ્તી

વેણીરામ, માધવરાવ, પ્રાગ, સુખનંદન, બંસીધર, શિવનારાયણ, કેશરીસંગ, શ્યામલાલ, રાધેચરણ વિગેરે બાલ ઘનશ્યામના દોસ્તો.

બધા ભેગા થઈને નદીતળાવે નાહવા જાય ઝાડ પર કેરીઓ, આંબલી, જાંબુ, જામફળ ખાવા જાય, ધીંગામસ્તી કરે ને ખેલે.

જુદાં જુદાં ઝાડ પર ચડી ઝાડની ડાળીઓનો ઘોડો કરીને બેસવું અને ઘોડાને સોટીઓ મારી ખદૂક ! ખદૂક ! કરી મોં એ ચડકારા કરવા આ એમની એક પ્રિય રમત હતી.

ઘનશ્યામ અને એમના દોસ્તો મલ્લકુસ્તીમાં પણ પાવરધા હતા. તેઓ નિયમિત મલ્લ કુસ્તી કરતા અને નવા-નવા દાવ શીખતા.

એકવાર કેટલાક મલ્લોને થયું કે આ છોકરાં મલ્લ કુસ્તીમાં શું સમજે ? માટે એમને પછાડી ગામમાં આપણા નામનો ડંકો વગાડવો ! તેમણે ઘનશ્યામને પડકાર ફેંક્યો : 'આવીજા !' આજે તારી પરીક્ષા ! આખું ગામ જોવા ભેગું થઈ ગયું. તેમાં ગામનો રાજા પણ હતો.

એક મલ્લે પોતાના પગમાં બાર મણ લોઢાની સાંકળ બાંધી ભેગા થયેલા લોકોને કહ્યું : 'આ સાંકળ ઝાલી મને ખેંચો !' ઘણાએ સાંકળ પકડી ખેંચવા પ્રયત્ન કર્યો, સો સો માણસોએ ભેગા થઈને પ્રયત્ન કર્યો, પણ એક તસુ ખસ્યો નહિ, ત્યારે મલ્લે રૂઆબથી ઘનશ્યામને કહ્યું : 'હવે તું ખેંચ !'

બધા જોઈ રહ્યા કે ક્યાં મહામલ્લ અને ક્યાં આ બાળક !

ત્યાં તો ઘનશ્યામ ધીરેથી આગળ આવ્યા. જરીક ઝુકીને તેમણે ડાબા હાથે સાંકળ પકડી, હળવેથી તેને એક આંચકો આપ્યો ત્યાં તો એ સાંકળના અગિયાર ટુકડા થઈ ગયા, અને સાંકળની સાથે મલ્લ ખેંચાઈ ઊછળીને ચાર હાથ દૂર જઈને પડ્યો.



આ મલ્લની સાથે બીજા બે મલ્લ હતા. તેમની પાસે પણ લોઢાની આવી બાર બાર મણની સાંકળ હતી. તેમણે કહ્યું : 'હવે અમે ઘનશ્યામને પગે આ સાંકળ બાંધી અને એને ખેંચી પાડશું !'

ઘનશ્યામે સાંકળ લઈ પોતાની જાતે પોતાના પગમાં બાંધી પછી સભા વચ્ચે ઊભા રહી બોલ્યા : 'હવે સાંકળ ખેંચીને મને પાડો !'

બેઉ મલ્લ સાથળ ઠોકી કહે : 'અમે આ છોકરાને સાંકળ સહિત ખેંચીને નદીમાં નાખી દઈશું !'

બેઉ જણે જોર કરી સાંકળ પકડી ખેંચી, પણ તેઓ ઘનશ્યામને એક તસુયે ખસેડી શક્યા નહિ.

બંનેએ ફરી જોર કર્યુ. સાંકળના બે કટકા થઈ ગયા ! એક કકડો મલ્લોના હાથમાં રહ્યો અને તે કકડાની સાથે બેઉ મલ્લ ઊછળીને દશ કદમ દૂર એક ઝાડની સાથે ભટકાઈને પડ્યા અને ધૂળ ભેગા થઈ ગયા !

ભેગા થયેલા લોકોએ વાહ વાહ ! કહી તાળીઓ પાડી, રાજાએ પણ આનંદ પ્રગટ કર્યો.

## ૫. ખાંપો વાગ્યો

ઘનશ્યામને કથા સાંભળવી બહુ ગમે.

હરિદાસ નામે એક બાવો પોતાની પર્ણકુટિમાં બેસી રોજ રામાયણ વાંચે. ઘનશ્યામ પોતાના મિત્રો સાથે ત્યાં જાય અને રામાયણ સાંભળે ?

એકવાર રામાયણ સાંભળ્યા પછી ઘનશ્યામે દોસ્તોને કહ્યું : 'ચાલો, તળાવે નાહવા જઈએ.'

બધા તળાવમાં ખૂબ નહાયા પછી તળાવ કિનારે ઊગેલા વૃક્ષો પર ચડી રમવા લાગ્યા. ઘનશ્યામ એક આંબલીના ઝાડ પર ચડ્યા હતા. રમતના જોશમાં એ ઝાડ પરથી નીચે ઊતરવા જતા હતા, ત્યાં એમના જમણા સાથળમાં આંબલીનો ખાંપો લાગ્યો ને ખૂબ લોહી નીકળ્યું.

દેવોના વૈદ્યોએ પાટો બાંધ્યો, એટલે લોહી નીકળતું બંધ થયું અને ઘા રુઝાઈ ગયો, પણ એનું નિશાન કાયમ રહી ગયું.

ઘણાં વર્ષ પછી સંવત ૧૮૭૬ માં શ્રીજી મહારાજે ગઢડામાં, દાદા ખાચરના દરબારમાં સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી ત્યાં,

પોતાના સાથળમાં આ ખાંપો વાગેલો તે સૌને દેખાડ્યું હતું અને કહ્યું હતું : 'આ જોઉ છું ને એ ઝાડ અને એ તલાવડી સાંભરી આવે છે.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૩૭)

ઘનશ્યામને જે જગ્યાએ ખાંવો લાગ્યો તે તલાવડી 'ખાંપા તલાવડી' નામે ઓળખાય છે.

## ૬. જાંબુડાની લીલા

એકવાર બાળ ઘનશ્યામ પોતાના મિત્રો વેણી, માધવ વગેરેની સાથે જાંબુ ખાવા ગયા હતા.

જેઠ મહિનો હતો અને જાંબુડા પર જાંબુ ખૂબ પાક્યા હતાં. બધાએ ઝાડ પર ચડીને ખવાય એટલાં ખાધાં અને લેવાય એટલાં લીધાં. પછી બધા નીચે ઊતરી ગયાં, પણ ઘનશ્યામ હજી ઝાડ પર હતા, ત્યાં જાંબુડાનો રખેવાળ આવી પહોંચ્યો. એનો હાકોટો સાંભળી બધા છોકરાઓ ભાગી ગયા અને ઘર ભેગા થઈ ગયા.

પણ ઘનશ્યામ હજી ઝાડ પર હતા. રખેવાળે રાતા પીળા થઈ કહ્યું : 'એય ચોર ! 'મારા જાંબુ કેમ ખાધા ?' ઘનશ્યામે કહ્યું : 'અમે ચોર નથી, કારણ જંગલમાં ઊગેલાં ફળ ખાવાની બધાને છૂટ છે !'

આમ કહી ઠેકડો મારી એ ઝાડ પરથી નીચે ઊતરી પડ્યા. રખેવાળ એમને મારવા દોડ્યો, તો ચપળતાથી એમણે એનો હાથ પકડી લઈ સામો એવો આંચકો માર્યો કે એનો હાથ ભાંગી ગયો અને એ ચતોપાટ ભોંય પર પડ્યો. એ ધૂળ ખંખેરી ઊભો થાય એ પહેલાં તો ઘનશ્યામ છૂ !

ઘનશ્યામની આ જાંબુડાની લીલા ખટમીઠાં જાંબુ જેવી જ મીઠી છે.

## ૭. ઘનશ્યામ એક વિદ્યાર્થી

બાળ ઘનશ્યામ ખૂબ નાની વયે ભણવા બેઠા હતા.

પિતા ધર્મદેવ મહા વિદ્વાન હતા.

ઘનશ્યામે કહ્યું : 'પિતાજી, મને તમે જ ભણાવો !'

એ સાંભળી પિતાને ખૂબ આનંદ થયો.

તેમણે પુત્રને કેટલાક શ્લોક શીખવ્યા.

ઘનશ્યામ ખૂબ ધ્યાનથી સાંભળે, અને જે સાંભળે તે બરાબર



મગજમાં રાખે ! એકવાર જે સાંભળ્યું તે મોઢે જ થઈ ગયું. એમને શ્લોકો બધાં કંઠસ્થ થઈ ગયા.

હવે પિતાએ એમને પ્રાર્થનાનાં પદો શીખવ્યા. આ પદોને સ્તોત્રો કહે છે.

ઘનશ્યામને બધાં સ્તોત્રો કંઠસ્થ થઈ ગયાં.

પછી પિતાએ ઘનશ્યામને પૂરાણોની કથાઓ વંચાવવા માંડી. એક પુરાણ, બે પુરાણ કરતાં અઢારે પુરાણો વંચાઈ ગયાં.

હવે ઘનશ્યામને જનોઈ દેવામાં આવી.

ઘનશ્યામ દ્વિજ થયા. હવે એમનો વેદાભ્યાસ શરૂ થયો.

બીજાને જે શીખતાં બાર વર્ષ લાગે તે ઘનશ્યામ બાર દિવસમાં શીખી લે ! મોટા મોટા પંડિતો પણ વિચારમાં પડી ગયા કે આ કેવો બાળક ! એને કશું શીખવવું જ પડતું નથી. એની મેળે શીખી જાય છે.

ઘનશ્યામ હસીને કહે : શીખવાની લગની જોઈએ-લગની હોય તો બધું થાય !

ઘનશ્યામ જે ભણતા તેનો સાર તે એક ગુટકામાં લખી રાખતા, એ ગુટકો તેઓ ખૂબ સંભાળીને રાખતા.

વિદ્યાભ્યાસ પૂરો થયા પછી ધર્મદેવે ઘનશ્યામના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને એમને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ આઠ અક્ષરનો મહામંત્ર આપ્યો ને કહ્યું : 'મારા ગુરુ રામાનંદ સ્વામીએ મને આ મંત્ર પ્રયાગ ક્ષેત્રમાં આપ્યો હતો તે હું તને આપું છું !'

ઘનશ્યામે અતિ પ્રસન્ન થઈ પિતાને પ્રણામ કર્યા.

આ દ્રષ્ટાંત પરથી વિદ્યાર્થીએ અભ્યાસ કેવી રીતે કરવો તથા ગુરુને કેવું માન આપવું તે શ્રીજી મહારાજે આપણને બતાવ્યું છે.

## ૮. ભાભીની અંગૂઠી

એક દિવસ રામપ્રતાપભાઈની પત્ની સુવાસિની બાઈ રસોડામાં કામકાજ કરતાં હતા. તેમણે પોતાની આંગળીએથી વીંટી ઉતારી એક બાજોઠ પર મૂકી હતી.

બાળ ઘનશ્યામને કૌતુક કરવાનું મન થયું.

તેમણે ભાભીને ખબર ન પડે તેમ એ વીંટી ઉપાડી લીધી.

પછી વીંટી લઈને બજારમાં જઈ હલવાઈને કહે : 'આ વીંટી લો ને

મને મીઠાઈ ખાવા આપો !'

વીંટી જોઈ હલવાઈનું મન લોભાયું. તેણે વીંટી લઈ કહ્યું : 'બેસ, ધરાઈને મીઠાઈ ખા !'

ઘનશ્યામભાઈ મીઠાઈ ખાવા બેઠા. હલવાઈને પીરસતાં વાર થાય, પણ ઘનશ્યામને ખાતાં વાર ન થાય ! હલવાઈની દુકાનની તમામે તમામ મીઠાઈ એ ખાઈ ગયા !

પછી ઘેર આવ્યો ત્યારે વીંટીની શોધ ચાલતી હતી.

ભાભીએ પૂછ્યું : 'દિયરજી, મારી વીંટી જોઈ ? આ બાજોઠ પર મૂકેલી હતી !'

ઘનશ્યામે કહ્યું : 'તો એ બાજોઠને જ પૂછોને, મને શું કામ પૂછો છો ?'

નાનાભાઈ ઈચ્છારામે કહ્યું : ઘનશ્યામે જ વીંટી લીધી છે, મેં એ જોયું છે.

ઘનશ્યામે હલવાઈ પાસે વીંટી માગી, હલવાઈ કહે : 'તેં મીઠાઈ ખાઈ મને વીંટી દીધી છે. મફત દીધી નથી. મારી આખી દુકાન ભરેલી મીઠાઈ તુ ખાઈ ગયો છે ! દેખ, બધું ખાલીખમ છે !'

ઘનશ્યામે કહ્યું : 'મેં મીઠાઈ ખાધીજ નથી ! દેખ, બધું ભરેલું છે !'

હલવાઈએ જોયું તો એની મીઠાઈ બધી અકબંધ હતી, એક પાવલી ભારે ઓછી થઈ ન હતી. એની નવાઈનો પાર ન રહ્યો. એણે વીંટી પાછી આપી સાથે ધર્મદેવને કહ્યું : 'આ તમારો દીકરો કોઈ અજબ જીવ લાગે છે !'

ધર્મદેવે કહ્યું : 'જીવ નહિ, જીવોનો જીવ, ઈશ્વરનો ઈશ્વર ! એને હું હજી પૂરો પામી શક્યો નથી. તું ક્યાંથી પામવાનો છે ?'

ઘનશ્યામની આ અંગૂઠી લીલા વિશે બ્રહ્માનંદ સ્વામીએ એક સુંદર કીર્તન રચ્યું છે.

સુન માતા જસોદા ગોરી, તેરે લાલ અંગૂઠી ચોરી !

## ૯. કડવાં મીઠાં ચીભડાં

વશરામ તરવાડી ભાળ ઘનશ્યામના મામા થાય.

તેમણે ખેતરમાં ચીભડી વાવી હતી.

ચીભડાં થયાં એટલે ખાવાની ઈચ્છાથી સારું જોઈને એક ચીભડું લીધું ને કાપ્યું. પણ પહેલી ચીરી મોંમાં મૂકતાં જ થૂ થૂ કરી કાઢી નાખ્યું. ચીભડું કડવું ઝેર હતું !



વશરામે ભક્તિમાતાને ઘેર આવી કહ્યું : 'બહેન, ચીભડાં તો કડવા પાક્યાં ! મીઠાં હોત તો ઘનશ્યામને વાડીમાં ચીભડાં ખાવા લઈ જાત એને ચીભડાં બહું ભાવે છે ખરુંને !'

ભક્તિમાતાએ કહ્યું : 'ઘનશ્યામને દેવાનાં ચીભડાં કોઈ કાળે કડવા હોય નહિ !'

વશરામે કહ્યું : 'પણ કડવા છે તેનું શું ?'

ત્યાં તો બાળ ઘનશ્યામ પોતે દડબડ દડબદ દોડતાં ત્યાં આવી પહોંચ્યા અને બોલ્યા : 'વાહ, ચીભડું કેવું મીઠું છે !'

વશરામે કહ્યું : 'ક્યું ચીભડું !'

ઘનશ્યામે કહ્યું : 'આ હમણાં તમારી વાડીમાંથી હું લઈ આવ્યો એ ! લ્યો ચાખી જુઓ !'

વશરામે ચાખ્યું તો ચીભડું મીઠું મધ હતું ! તેમણે કહ્યું મારી વાડીનું આ ચીભડું છે ? ત્યાં તો બધાં કડવા ચીભડાં છે !'

કડવાં નથી, મીઠાં મધ છે ! ચાલો, દેખાડું ! કહી ઘનશ્યામ મામાને લઈને ખેતરમાં ગયા. મામાએ વાડીમાંથી બે પાંચ ચીભડાં લઈ કાપ્યાં તો બધાએ મીઠાં મધ નીકળ્યાં ! તેમની નવાઈનો પાર ન રહ્યો કે એટલામાં ચીભડાં કેમ કરી મીઠાં થઈ ગયાં.

ઘનશ્યામે કહ્યું : 'મામા ! તમે પહેલેથી ભગવાનનો ભાગ કાઢ્યો હોત તો ચીભડાં પહેલેથી જ મીઠાં હોત !' માટે દરેક કામમાં પહેલો ભગવાનનો ભાગ કાઢવો ! જેમાં ભગવાનનો ભાગ તે મીઠું, જેમાં ભગવાનનો ભાગ નહિ તે કડવું !

સત્સંગી માત્ર એ દેવનો ભાગ પ્રથમ રાખવો. શિક્ષાપત્રીમાં પણ મહારાજે આવકનો દશમો કે વીસમો ભાગ કાઢવાની આજ્ઞા કરી છે.

## ૧૦. સર્વત્ર ઘનશ્યામ

અયોધ્યા પુરીનાં બધાં મંદિરો બાળ ઘનશ્યામનાં જાણીતાં.

તેમાંય રામ જન્મભૂમિનું મંદિર અને હનુમાનગઢીનું મંદિર તેમને બહું

ગમે. ત્યાં રોજ દર્શન કરવા જાય, કથા સાંભળવા બેસે અને ભજન કીર્તનમાં ભાગ લે.

એકવાર આવી રીતે તેઓ હનુમાન ગઢીમાં દર્શન કરવા ગયા હતા, તે વખતે ત્યાં રામાયણની કથા ચાલતી હતી, તેથી એક ખૂણે કથા સાંભળવા બેસી ગયા. રાત પડવા આવી, પણ હજી ઘનશ્યામ ઘેર આવ્યા નહિ, ત્યારે ભક્તિમાતાએ તેમને શોધવા રામપ્રતાપભાઈને મોકલ્યા.

રામપ્રતાપભાઈએ હનુમાન ગઢીમાં ઘનશ્યામને જોયા ને ધીરેથી કહ્યું : 'ચાલ ઘેર, મા બોલાવે છે !'

ઘનશ્યામે કહ્યું : 'આ કથા પુરી થાય પછી આવું છું તમે એટલીવાર બીજે દર્શન કરી આવો ને !'

રામપ્રતાપજી બીજા મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં ભાગવત કથા ચાલતી હતી. જોયું તો ત્યાં એક ખૂણે ઘનશ્યામ બેઠા હતા અને એક ચિત્તે કથા સાંભળતા હતા. મોટાભાઈને નવાઈ લાગી કે ઘનશ્યામ મારા પહેલાં અહીં કેવી રીતે આવી ગયો ? એને હનુમાન ગઢીની કથામાં બેઠેલો જોઈને હું અહીં આવું છું !

પણ એ ઘનશ્યામ જ છે એની ખાતરી થતાં એમણે એની પાસે જઈ કાનમાં કહ્યું : 'ચાલ ઘેર, મા બોલાવે છે !' ઘનશ્યામ કહે : 'આ કથા પૂરી થાય પછી આવું છું !' રામપ્રતાપભાઈએ કહ્યું : 'ઠીક, તો એટલી વારમાં હું શિવજીનાં દર્શન કરી આવું !'

આમ કહી એ શિવ મંદિરમાં ગયા, ત્યાં જોયું તો શિવપુરાણની કથા ચાલતી હતી અને એક ખૂણે ઘનશ્યામ બેઠા-બેઠા એક ચિત્તે કથા સાંભળતા હતા !

રામપ્રતાપભાઈની નવાઈનો પાર ન રહ્યો ! ઘનશ્યામ એટલી વારમાં અહીં કેવી રીતે આવી ગયો ? તેમણે તેની પાસે જઈ કાનમાં કહ્યું : 'ઘેર ચાલ ! માં બોલાવે છે ?'

ઘનશ્યામે કહ્યું : 'મોટાભાઈ, એમ કરો તમે હનુમાન ગઢીએ જાઓ, હું ત્યાં આવું છું !'

મોટાભાઈ, દોડતા હનુમાન ગઢી ગયા. તેમને જોયું હતું કે ઘનશ્યામ મારાં પહેલાં અહીં કેવી રીતે આવી પહોંચે છે.



રામપ્રતાપભાઈએ હનુમાનગઢી જઈ જોયું તો ત્યાં કથા ચાલુ હતી અને હવે પુરી થવા પર હતી. જોયું તો ઘનશ્યામ પહેલાં જ્યાં બેઠેલો હતો ત્યાં જ અત્યારે પણ બેઠેલો હતો ! તો પછી મેં હમણાં શિવમંદિરમાં ઘનશ્યામને જોયો એ સાચું કે આ સાચું ?

એટલામાં કથા પૂરી થઈ ઘનશ્યામે ઊભા થઈને કહ્યું : 'ચાલો મોટાભાઈ, ઘેર જઈએ !'

મોટાભાઈ બાળઘનશ્યામને લઈ ઘેર આવ્યા. આવી હતી બાળઘનશ્યામની બાળ લીલા !

અહીં પણ ઘનશ્યામ, તહીં પણ ઘનશ્યામ ! બધે ઘનશ્યામ !

## ૧૧. ગોમતી ગાયનું દૂધ

ધર્મદેવના ઘરમાં ગોમતી કરીને એક ગાય હતી.

બાળઘનશ્યામને એ ગાય ખૂબ વહાલી હતી.

ગાય પણ ઘનશ્યામને ખૂબ વહાલ કરતી.

આ ગોમતી ગાય રોજ સવાર-સાંજ ચાર ચાર શેર દૂધ દેતી. એ દૂધ ઘરનાં બધાં પીતાં. ઘનશ્યામને તો ગોમતી ગાયનું દૂધ ધરાઈને પીવા જોઈએ, તેથી સુવાસીની ભાભી રોજ દુધનો મોટો કરોટો ભરીને ઘનશ્યામના ભાણામાં મૂકતાં.

એકવાર ભાઈને થયું કે ઘનશ્યામ હજી નાના છે, એમને આટલું બધું દૂધ શીદને પીરસવું ? એટલે બીજાને દૂધના મોટા કટોરો પીરસ્યા અને ઘનશ્યામને નાની કટોરી !

ઘનશ્યામે કોઈને કંઈ કહ્યું નહિ, પણ સાંજે ભાભી ગાય દોવા ગયાં ત્યારે ગાયે રોજના જેટલું દૂધ દેવાને બદલે અડધું જ દીધું ! ભાભી આનું કારણ સમજ્યાં નહિ, સાંજે બધાં વાળું કરવા બેઠાં ત્યારે ભાભીએ સવાર કરતાં અડધું જ દૂધ પીરસ્યું ! ઘનશ્યામને નાની કટોરી મળી, પણ તેય અડધી !

ઘનશ્યામ કંઈ બોલ્યા નહિ, તેમણે મૂંગા મૂંગા જમી લીધું.

બીજે દિવસે સવારે ભાભી ફરી ગાય દોવા બેઠા. આ વખતે ગાયે ચોથા ભાગનું દૂધ દીધું. ભાભીએ ઘણી ઘણી રીતે ગાયને વહાલ કર્યું, પણ

ગાયે વધારે દૂધ ન આપ્યું તે ન જ આપ્યું !

હવે ભાભીએ ભક્તિમાતાને કહ્યું : 'મા, આમ કેમ ? ગાય હવે પહેલાં જેવું દુધ કેમ નથી દેતી !'

ભક્તિમાતા ક્યારના બધું જોતાં હતાં. તેમણે હસીને કહ્યું : 'તું જમાડવામાં અધિક ન્યુનપણું કરે તો ગાય પણ દૂધ દેવામાં એવું કરે જ ને !' તું ઘનશ્યામને ઓછું શું કામ આપે છે ? બધાંને આપે છે એટલું આપ !

'હવેથી એવું કરીશ !' ભાભીએ કહ્યું બસ, એ દિવસે સાંજે ગાયે પુરું ચાર શેર દૂધ દીધું.

આ લીલા કરીને ભગવાને બતાવ્યું. કે ઘરમાં મહેમાન, પરોણા, નોકર ચાકર વગેરે જેટલાં જમનારાં હોય તે બધાને સરખાં ગણવાં કોઈને વહાલાં દવલાં ગણવાં નહિ.

## ૧૨. ભમરડો

બાળ ઘનશ્યામને ભાભી સુવાસિની બાઈ પર ખૂબ હેત.

ભાભીને પણ નાનો દિયર બહુ વહાલો.

મોટાભાઈ રામપ્રાતપનો સ્વભાવ ક્રોધી હતો. વાત વાતમાં હાથ ઉપાડે. તેથી ઘનશ્યામને કંઈ જોઈએ તો ભાઈને ન કહે, પણ ભાભીને કહે.

ગામનાં છોકરાંને ભમરડે રમતાં જોઈ ઘનશ્યામને ભમરડે રમવાનું મન થયું.

તેમણે ભાભીને કહ્યું : 'ભાઈ, એક ભમરડો લાવી દો !'

ભાભીએ કહ્યું : 'લાવી દઈશ !'

પણ પછી એ ભુલી ગયાં. આમ બેચાર દિવસ વહી ગયાં.

હવે ઘનશ્યામને ભાભી પર રીસ ચડી.

રિસાઈને એ ઘરની સામે આંબલીના ઝાડ હેઠળ ચોતરો હતો તેની ઉપર જઈને સૂઈ ગયા. જમવાનો વખત થયો, તોય ઘરમાં આવ્યા નહિ.

ત્યારે ભાભી એમને મનાવવા ગયાં. પડખામાં ગલિપચી કરીને હસાવા લાગ્યાં.

ઘનશ્યામ એકદમ બેઠા થઈ જઈ કહે : 'તમારી સાથે નથી બોલવું, જુઓ ! ચાર દિવસથી ભમરડો લાવી આપવાનું કહું છું, પણ લાવી આપતાં નથી.'



ભાભી કહે : 'ઓ હો ! આ વાત છે !'

આમ કહી નાના દીયરને પડખામાં લઈ તેમના મસ્તક પર હાથ ફેરવી કહ્યું : 'કાલે સવારે ભમરડો તમારા હાથમાં સમજો !'

બેઉ વચ્ચે તરત સંધિ થઈ ગઈ.

બીજે દિવસે સવારે ખરેખર, ભાભીએ દિયરને ભમરડો આણી દીધો.

ઘનશ્યામ ખુશ ખુશ થઈને મિત્રો જોડે ભમરડો રમવા ઊપડી ગયાં.

## ૧૩. યજ્ઞોપવિત

ઘનશ્યામ આઠ વર્ષના થયા ત્યારે તેમને જનોઈ દેવામાં આવી. જનોઈ એક સંસ્કાર, જનોઈ દેવાથી બાળકનો બીજો જન્મ થયો કહેવાય. હવે એ દ્વિજ કહેવાય.

જનોઈ ધારણ કર્યા પછી બટુકે ગુરુને ઘેર ભણવા જવાનું હોય.

બટુક ગુરુને ઘેર જવા નીકળે અને મામા પાછળ દોડી એને પકડી ઘેર લઈ આવે.

બાળઘનશ્યામ બગલમાં પોથી અને હાથમાં પલાશ (ખાખરા)નો દંડ લઈ દોડ્યા, મનમાં એમ કે હવે પાછો ઘેર જવું જ નથી, સીધા હિમાલય ભેગા થઈ જવું છે.

મામા એમની પાછળ દોડી થાકી ગયાં.

મામાની હાલત જોઈ ઘનશ્યામ ખચકાઈને ઊભા રહ્યાં. તેમણે વિચાર કર્યો કે અત્યારે ઘર છોડી ચાલ્યો જઈશ તો માતાપિતાને અને બધાંને ખૂબ દુઃખ થશે માટે હમણાં ઘર છોડવાની ઉતાવળ કરવી નથી.

હવે મામા આવી પહોંચ્યા, ઘનશ્યામને તેડીને એ પાછા લઈ આવ્યા.

ઘનશ્યામ માતાપિતાને પગે લાગ્યાં. વડીલોને અને બ્રાહ્મણોને પગે લાગ્યાં. જનોઈ ઉત્સવ પૂરો થયો.

## ૧૪. વાળી શોધી આપી

એક દિવસ બાળઘનશ્યામનાં એક મામી ચંદાબાઈ કૂવે પાણી ભરવા ગયાં. ઘડો ખેચતાં ખેચતાં અચાનક તેના નાકની વાળી નીકળી કૂવામાં પડી ગઈ.

તેમણે ઘેર આવી આ વાત કરી.

તેમનાં સગાં વહાલાંમાં ઘણા તરવૈયા હતાં.

તેમાંથી એક જણ કહે : 'હું હમણાં કૂવામાંથી વાળી કાઢી દઉં છું.'

એણે કૂવામાં ભૂસકો માર્યો અને ડૂબકી મારી વાળી શોધવા માંડી. પણ વાળી જડી નહિ.

ખુબ શોધી તોય ન મળી. ત્યારે એણે કહ્યું : 'વાળી કૂવામાં નથી પડી પણ ક્યાંક બીજે જ પડી ગઈ છે !'

મામી કહે : 'ના વાળી આ કૂવામાં જ પડી છે.'

તરવૈયો કહે : 'ખોટી વાત ! વાળી કૂવામાં નથી !'

પોતે જૂઠું બોલે છે એવું ઠર્યું એ જોઈને મામીને ખુબ દુઃખ થયું. તેમની આંખોમાં આસું આવી ગયાં.

આ જોઈ નાનકડા ઘનશ્યામ કહે : 'મામી, રડશો નહિ, ચિંતા કરશો નહિ, હમણાં જ હું તમને વાળી કાઢી આપું છું !'

આમ કહી ઘનશ્યામે કૂવામાં ઝંપલાવ્યું ને ઊંડી ડૂબકી મારી. બધા ચિંતાતુંર બની જોઈ રહ્યાં. ઘણો વખત થયો, પણ ઘનશ્યામ બહાર આવ્યા નહિ ત્યારે બધા મામીને વઢવા લાગ્યા કે વાળી ખાતર તમે આ શું કર્યુ ?

મામીની હાલત ન રહેવાય ન સહેવાય તેવી થઈ ગઈ.

એટલામાં કૂવાના પાણીમાં સળવળાટ થયો અને ઘનશ્યામનું મસ્તક અને હાથ બહાર દેખાયાં. ઊંચા કરેલા એ હાથમાં મામીની વાળી હતી.

જે મોટા તરવૈયા ન કરી શક્યા તે ઘનશ્યામે કર્યુ.

જોઈને બધા નવાઈ પામી કહે : 'નક્કી આ કોઈ ચમત્કારી બાળક છે, એના ઐશ્વર્યનો પાર નથી.'

## ૧૫. સુરદાસો પર દયા

શ્રવણ તલાવડી કરીને એક તલાવડી છે.

ત્યાં મેળો ભરાયો હતો.

મેળા વખતે તલાવડીમાં સ્નાન કરવાનો મહિમા હતો. તેથી ધર્મદેવ વગેરે એ મેળામાં આવ્યા હતા.

બાળ ઘનશ્યામ પણ એમની સાથે હતાં.

તલાવડીના કિનારે એક બાવો આસન લગાવીને બેઠો હતો.



બાવાની સામે કેટલાક અંધજનો બેઠા હતા અને બાવાને કરગરતા હતા ! 'મહારાજ, દયા કરી અમને દેખતા કરો !'

બાવો કહે : 'પૈસા લાવો તો ફૂંક મારી તમને દેખતા કરું !'

અંધ સુરદાસો કહેતા હતા : 'બાપજી અમારી પાસે પૈસા ક્યાંથી હોય ? અમે ભીખ માગીને જેમ તેમ અમારું પેટ ભરીએ છીએ, તોય એક ટંક માંડ ખાવા પામીએ છીએ અને ચાર ટંક ભૂખે મરીએ છીએ ! અમે પૈસા ક્યાંથી લાવીએ ?'

બાવો કહે : 'તો ભાગો અહીંથી !'

બાળ ઘનશ્યામે આ જોયું. એમને ખૂબ જ લાગી આવ્યું. હતાશ થઈ ચાલી જતા સુરદાસોને ઊભા રાખી તેમણે કહ્યું : 'હે ભક્તો, તમે નિરાશ ન થાઓ ! ભગવાન દયાળું છે.'

સુરદાસોએ કહ્યું : 'તમે આટલું કહ્યું એટલે લાગે છે કે ભગવાન જરૂર દયાળું છે. અમને એની ઝાંખી કરવાનું ખૂબ મન છે !' ઘનશ્યામે એ સુરદાસોની આંખો પર પોતાનો કોમળ હાથ ફેરવી કહ્યું : 'દેખાય છે કંઈ ?'

સુરદાસો એકદમ આનંદમાં આવી બોલવા લાગ્યા : 'દેખાય છે જગમગ જગમગ દેખાય છે - બાળકનૈયો દેખાય છે, પગની આંટી મારી ઊભો છે ને બંસી વગાડે છે ! આહાહા ! બંસી કેવી વાગે છે !'

ઘનશ્યામે કહ્યું : 'આજથી કાયમ તમને કનૈયો દેખાશે અને એની બંસી સંભળાશે ! બોલો, બીજું કંઈ જોવું છે ?'

સુરદાસોએ કહ્યું : 'ના, આમાં બધું આવી ગયું !'

ભગવાન પર અચળ શ્રધ્ધા એ સર્વ સંકટોના ઉપાય છે.

## ૧૬. ચોરો પ્રત્યે પણ દયાળુ

ધર્મદેવના ઘર પાસે એમની ફળફૂલની વાડી હતી.

એકવાર ગામના કેટલાક ખટસ્વાદિયા લોકોને એ વાડીનાં ફળ ચોરી ખાવાનું મન થયું.

તે વખતે વાડીમાં ફણસ ખૂબ સરસ પાક્યાં હતાં. બેચાર જણા ભેગા થઈને એક દિવસ વહેલી સવારે વાડીમાં ફણસ ચોરી જવા પેઠા.

હજી તો એમના હાથ ફણસ પર છે, ફણસ તૂટ્યાં પણ નથી, ત્યાં તો હાથમાં દાતણ પાણીનો લોટો લઈને ધર્મદેવ ત્યાં આવી પહોંચ્યાં. તેમની

પાછળ રામપ્રતાપભાઈ અને બાળ ઘનશ્યામ. આવતા દેખાતા હતા.

ચોરો મુદામાલ ચોરતા જ પકડાઈ ગયા. રામપ્રતાપભાઈ કહે : ચોટ્ટાઓ, હું હમણાં તમને ફણસનો સ્વાદ ચખાડું છું.

રામપ્રતાપભાઈ મહામલ્લ હતા. વળી એમનો ગુસ્સો ભયંકર હતો. ચોરોને એની ખબર હતી. તેથી ભયથી તેઓ ફફડી ગયા. તેમણે કરગરીને કહ્યું : 'ધર્મદેવ, અમને બચાવો !'

પણ રામપ્રતાપભાઈને રોકે એવું કોણ હતું ? એમણે બે ચોરોને બે હાથ વડે બોચીમાંથી પકડ્યાં.

તરત બાળ ઘનશ્યામ વચમાં કૂદી પડ્યાં. તેમણે મોટાભાઈને પકડીને પાછા ખેચ્યા ને કહ્યું : 'સબૂર ! સબૂર ! તમારા ક્રોધને આ લોકો લાયક નથી. ફરી ચોરી ન કરવાનું વચન દેતા હોય તો એમને જવા દો !'

ચોરોએ રડતાં રડતાં કહ્યું : 'ફરી કદી ચોરી નહિ કરીએ. અહીં પણ નહિ અને બીજે પણ ક્યાંય નહિ !'

નાના ભાઈના આગ્રહથી મોટાભાઈએ ચોરોને છોડી દીધા.

હવે ઘનશ્યામે ચોરોને કહ્યું : 'તમારે ફણસ ખાવાં છે ને ! તો લો હું તમને દરેકને એકેક ફણસ આપું છું. તે લઈને ઘેર જાઓ અને ઘરના લોકોની સાથે મળીને ખાજો !'

આમ કહી તેમણે દરેકને એક એક ફણસ આપ્યું. ચોરો ધર્મદેવને અને બંને ભાઈઓને પગે લાગી ફણસ લઈ ઘરે ગયાં.

આવા હતા બાળ ઘનશ્યામ-ચોરો પ્રત્યે પણ દયાળું.

ભગવાન હંમેશાં સૌ પ્રત્યે આવા દયાળુ હોય છે.

## ૧૭. ગુજારી બાવાઓને શિખામણ

અયોધ્યાપુરીમાં હનુમાનગઢી નામે મંદિર છે. બાળ ઘનશ્યામ ઘણીવાર ત્યાં દર્શન કરવા જતા અને કથાવાર્તા સાંભળવા બેસતાં.

એકવાર તેમણે ત્યાં જતાં જોયું કે એક ખૂણે ચાર યુવાન બાવાઓ, અંગે તેલ ફૂલેલ લગાવી બેઠા હતા અને જુગાર રમતા હતા. તેમનાં શરીર પર લંગોટી સિવાય બીજુ વસ્ત્ર ન હતું, પણ અંગે અંગ પર સોનાના ભારે દાગીના હતા. દાગીના હોડમાં મૂકી તેઓ જુગાર રમતા હતા.



બાળ ઘનશ્યામને એ જોઈ ખૂબ દુઃખ થયું. તેમણે કહ્યું : 'અરે ભાઈઓ, સાધુ થઈને તમે આ શું કરો છો ? જુગાર રમવો તે મહાપાપ છે !'

પેલા ચાર બાવાઓએ કહ્યું : 'અમે મહાન ગુરુના ચેલા છીએ, તું અમને શિખામણ દેનારો કોણ !'

એટલામાં એ બાવાઓના ગુરુ પોતે ત્યાં આવી ચડ્યા. તેમણે પણ ઘનશ્યામને ઠપકો આપ્યોને કહ્યું : 'અમે ત્યાગી પુરુષો છીએ, તું ગૃહસ્થ છે ગૃહસ્થથી ત્યાગીને ઉપદેશ ન અપાય ! હટ અહીંથી !'

ઘનશ્યામે કહ્યું : 'શું જુગાર રમવો એ ત્યાગીના લક્ષણ છે ? કપડાં ન પહેરવાં અને ઘરેણાં પહેરવાં એ ત્યાગીનું લક્ષણ છે !' લોકોને કહેવું કે ભગવાનનું નામ લો અને પોતે ધનમાલ ભેગાં કરવાં એ ત્યાગીનું લક્ષણ છે ? કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર એ શું ત્યાગીનાં લક્ષણ છે ?'

ગુરુ કે ચેલા સર્વેના મસ્તક નીચે ઢળી ગયાં, કોઈ જ કંઈ બોલી શક્યું નહિ. ભેગા થયેલા લોકોએ કહ્યું : 'બાળ ઘનશ્યામ સાચું કહે છે. ઉંમરમા એ નાનો છે, પણ ઐશ્વર્યમાં મોટો છે, ઘણો મોટો છે !'

## શ્રીહરિના જીવનની સ્મરણીય નોંધ

(૧) શ્રીહરિનો પાદુર્ભાવ - **સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ રામનવમી રાત્રે ૧૦ ઘડીએ.**

(૨) શ્રીહરિનું હિમાલય તરફ પ્રયાણ - **સંવત ૧૮૪૯ ના અષાઢ સુદ દશમ.**

(૩) શ્રીહરિ અને શ્રી રામાનંદ સ્વામીનો મેળપા - **સંવત ૧૮૫૬ જેઠ વદ બારસ**

(૪) શ્રીહરિએ ભાગવતી દીક્ષા મેળવી - **સંવત ૧૮૫૭ કારતક સુદ એકાદશી**

(૫) શ્રીહરિ ગાદી પર બિરાજ્યા - **સંવત ૧૮૫૮ કારતક સુદ એકાદશી**

(૬) શ્રીહરિએ આચાર્યોની સ્થાપના કરી - **સંવત ૧૮૮૨ કારતક સુદ એકાદશી**

(૭) શ્રીહરિએ વચનામૃતનો પ્રારંભ કર્યો - **સંવત ૧૮૭૬ માગસર સુદ ચોથ**

(૮) ૨૭૩ વચનામૃતની સમાપ્તિ - **સંવત ૧૮૮૬ અષાઢ વદ દશમ**

(૯) શ્રીહરિ અંતર્ધાન થયા - **સંવત ૧૮૮૬ જેઠ સુદ દશમ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વિભાગ-૨ સ્વાધ્યાય પત્ર

**પ્રશ્ન ૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧. દુર્વાસામુનિ આવ્યા તેની કોઈને કેમ ખબર પડી નહી ?

જ. દુર્વાસામુનિ આવ્યા તેની કોઈને એટલા માટે ખબર ન પડી કે, સૌ શ્રોતા ઋષિ-મુનિઓ શ્રી નરનારાયણદેવના મુખેથી પૃથ્વીના દુઃખોની વાત સાંભળવામાં તલ્લીન હતા.

૨. ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યારે થયો હતો ?

જ. ભગવાન સ્વામિનારાયણનો જન્મ સંવત અઢારસો સાડત્રીસના ચૈત્ર માસની અજવાળી નવમી અને સોમવારે થયો હતો.

૩. ભગવાન સ્વામિનારાયણના માતા-પિતાનું નામ શું ?

જ. ભગવાન સ્વામિનારાયણના માતાનું નામ શ્રી ભક્તિદેવી તથા પિતાનું નામ શ્રી ધર્મદેવ હતું.

૪. શ્રી સ્વામિનારાયણ ભગવાનને કેટલા ભાઈઓ હતા ? ક્યા ક્યા ?

જ. શ્રી સ્વામિનારાયણ ભગવાનને બે ભાઈઓ હતા. મોટાભાઈનું નામ રામપ્રતાપભાઈ અને નાનાભાઈનું નામ ઈચ્છારામજી હતું.

૫. દુરાચારી કાલીદત્તની કૃત્યાઓમાં મુખ્ય કોણ હતી ?

જ. દુરાચારી કાલીદત્તની કૃત્યાઓમાં મુખ્ય કૃત્યાનું નામ કોટરા હતું.

૬. ઘનશ્યામ મહારાજને કોટરા પાસેથી કોણ લઈ આવ્યું ?

જ. ઘનશ્યામ મહારાજને કોટરા પાસેથી શ્રી હનુમાનજી મહારાજ લઈ આવ્યા.

૭. ઘનશ્યામ મહારાજનું 'હરિકૃષ્ણ' નામ કોણે પાડ્યું ?

જ. ઘનશ્યામ મહારજનું 'હરિકૃષ્ણ' નામ માર્કન્ડેય ઋષિએ પાડ્યું.

૮. ધર્મદેવે કઈ-કઈ ચીજો બાળ ઘનશ્યામ પાસે મૂકી ?

જ. ધર્મદેવે બાળ ઘનશ્યામ પાસે છરી, સોનામહોર અને શ્રીમદ્ ભાગવદ્ ગીતાનો ગ્રથં - આ ત્રણ વસ્તુઓ મૂકી.

૯. કાલીદત્ત શું ઈચ્છતો હતો ?

જ. કાલીદત્ત કોઈપણ ભોગે બાળ ઘનશ્યામનો નાશ કરવા ઈચ્છતો હતો.



૧૦. ઝાડ નીચેથી બાળ ઘનશ્યામને કોણે તેડી લીધા ?

જ. ઝાડ નીચેથી બાળઘનશ્યામને તેમના મામી શ્રી સુંદર મામીએ શોધીને તેડી લીધા.

૧૧. ભગવાન મનુષ્ય થઈને અવતરે ત્યારે શું કરે ?

જ. ભગવાન મનુષ્ય થઈને અવતરે ત્યારે સામાન્ય મનુષ્ય કરતો હોય તેવા કાર્યો કરે જેને ભગવાનની મનુષ્ય લીલા કહેવાય.

૧૨. ઘનશ્યામના કેટલાક મિત્રોના નામ જણાવો ?

જ. ઘનશ્યામના મિત્રના નામોમાં વેણીરામ, માધવરામ, પ્રાગ, સુખનંદન, બંસીધર, શિવનારાયણ, કેસરીસંગ, શ્યામલાલ અને રાધેચરણ વગેરે ઘનશ્યામના બાળસખાઓના નામો છે.

૧૩. તલાવડીનું નામ ખાંપા તલાવડી કેમ પડ્યું ?

જ. કારણ કે તે તલવાડીને કાંઠે - ઝાડ પર બાળ સખા સાથે રમતા ઘનશ્યામની જમણી સાથળમાં - તે ઝાડની ડાળીનો એક ખાંપો વાગતાં - તેઓની સાથળમાંથી ખૂબજ લોહી વહેલું તે ઘા પર પાટો બાંધતા ઘા રૂઝાઈ ગયેલો. પણ તેનું નિશાન રહી ગયું હતું. આ ખાંપો જે તલવાડીને કાંઠે ઘનશ્યામ મહારાજને વાગ્યો તે તલાવડીનું નામ 'ખાંપા તલાવડી' પડેલ.

૧૪. જાંબુડાના રખેવાળને ઘનશ્યામે શું કહ્યું ?

જ. જાંબુડાના રખેવાળને ઘનશ્યામે કહ્યું કે "અમે ચોર નથી. કારણ કે જંગલમાં ઊગેલા ઝાડના ફળ ખાવાની બધાને છૂટ છે.

૧૫. ઘનશ્યામ રીસાઈને ક્યાં સંતાઈ ગયા હતા ?

જ. ઘનશ્યામ રીસાઈને ગાય બાંધવાની ગમાણમાં જે ખડનો ઢગલો હતો તે ઢગલામાં સંતાઈને સૂઈ ગયા હતા.

૧૬. ઘનશ્યામે સૌ પ્રથમ શિક્ષણ કોની પાસે લીધું ?

જ. ઘનશ્યામે સૌ પ્રથમ શિક્ષણ પોતાના પિતાશ્રી ધર્મદેવ પાસેથી લીધું.

૧૭. ઘનશ્યામે વીંટી સાટે કેટલી મીઠાઈ ખાધી ?

જ. ઘનશ્યામે વીંટી સાટે આખી દુકાનની મીઠાઈ ખાધી.

૧૮. વશરામ તરવાડીને ચીભડા કડવા કેમ લાગ્યા ?

જ. વશરામ તરવાડીને ચીભડા એટલા માટે કડવા લાગ્યા કે તેઓ એ

ચીભડામાંથી ભગવાનનો ભાગ કાઢ્યા વિના જ ખાધા હતા.

૧૯. રામપ્રતાપભાઈએ બાળઘનશ્યામને ક્યાં ક્યાં જોયા ?

જ. રામપ્રતાપભાઈએ બાળઘનશ્યામને શ્રીરામ જન્મભૂમિના મંદિરમાં, શ્રી હનુમાનના મંદિર અને શ્રી શિવમંદિરમાં એક જ સમયે ત્રણે જગાએ જોયા.

૨૦. ગોમતી ગાયે દૂધ ઓછું કેમ દેવા માંડ્યું ?

જ. ગોમતી ગાયને શ્રી ઘનશ્યામ અતિ પ્રિય હતા. ગોમતી ગાય ઘનશ્યામ માટે જ વધુ દૂધ આપતી હતી. પણ ઘનશ્યામના ભાભી સુવાસિની ભાભીએ ઘનશ્યામ આટલું બધું દૂધ નહી પી શકે એમ માનીને ઓછું દૂધ પીરસવા માંડ્યું તેથી ગાયે પણ દૂધ ઓછું દેવા માંડ્યું.

૨૧. ઘનશ્યામ ભાભીથી કેમ રીસાયા હતા ?

જ. ઘનશ્યામને ભાભીએ ભમરડો લાવી આવાનું કહી ભૂલી ગયા હતા એટલે ઘનશ્યામ ભાભીથી રીસાયા હતા.

૨૨. જનોઈ સંસ્કાર વખતે ઘનશ્યામે શું નિર્ણય કર્યો ?

જ. જનોઈ સંસ્કાર વખતે ઘનશ્યામે નિર્ણય કર્યો કે બડવો દોડતી વખતે ઘેર જવું જ નથી, મામાને હાથે પકડાવું નથી. સીધું હિમાલય ભેળું જ થઈ જાવું છે.

૨૩. રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઠપકો કેમ આપ્યો ?

જ. રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઠપકો એટલા માટે આપ્યો કે ઘનશ્યામ બાળસખાઓ સાથે ધીંગામસ્તી કરતા પડી ગયા હતા તેથી તેમને હોઠે ઈજા થવાથી લોહી નીકળ્યું હતું તે જોઈ દુઃખી થઈ મોટાભાઈ રામપ્રતાપે - ઘનશ્યામને શરીર સાચવ્યા વિના રમવા બદલ ઠપકો આપ્યો.

૨૪. કૂવામાં ઘનશ્યામના મામીનું શું પડી ગયું હતું ?

જ. કૂવામાં ઘનશ્યામના મામીના નાકનીવાળી પડી ગઈ હતી.

૨૫. ઘનશ્યામને સુરદાસો પર દયા લાવી શું કર્યું ?

જ. ઘનશ્યામે સુરદાસો પર દયા લાવી. તે દરેકની આંખો પર પોતાનો કોમળ હાથ ફેરવી તે દરેકને દેખતા કર્યા.

૨૬. મંછારામે ભગવાનની આજ્ઞા ન માની તો તેની કેરીઓનું શું થયું ?



જ. મંછારામે ભગવાનની આજ્ઞા ન માની તેથી તેની કેરીઓ કેરીઓ મટીને જાંબુડા થઈ ગઈ.

૨૭. ચોરો ઘનશ્યામની વાડીમાં શું ચોરવા પેઠા હતા ?

જ. ચોરો ઘનશ્યામની વાડીમાં ફણસ ચોરવા પેઠા હતા.

૨૮. બાળ ઘનશ્યામે ચરણામૃતનું જળ કેમ ઢોળી નાખ્યું હતું ?

જ. બાળ ઘનશ્યામે ચરણામૃતનું જળ એટલા માટે ઢોળી નાખ્યું હતું કે, ચરણામૃતનું પાત્ર બહુજ ગંદુ-મેલું હતું અને ચરણામૃતનું જળ પણ વાસી હતું જેમો વંદો તરતો હતો.

૨૯. બાળ ઘનશ્યામે ચાર બાવાઓને શું કરતા જોયા ?

જ. બાળ ઘનશ્યામે ચાર બાવાઓને જુગાર રમતા જોયા.

૩૦. ભક્તિમાતાએ અંત સમયે બાળઘનશ્યામને શું કહ્યું ?

જ. ભક્તિમાતાએ અંત સમયે બાળઘનશ્યામને કહ્યું કે મારે તારા મુખની વાણી સાંભળતા - સાંભળતા જ દેહત્યાગ કરવો છે, માટે તું મને જ્ઞાન-ભક્તિની વાત કર !

૩૧. બાળ ઘનશ્યામ સર્વ અવતારી છે તેવી ખાતરી મૃત્યુશય્યા પર પોઢેલ પિતા ધર્મદેવને કેવી રીતે થઈ ?

જ. પિતા ધર્મદેવે મૃત્યુશય્યા પર પંડિત રામહરિને મુખેથી શ્રીમદ્ ભાગવતમાં ભગવાનના જે જે અવતારોની લીલા સાંભળી હતી તે તમામે તમામ અવતારો તેઓએ બાળ ઘનશ્યામમાં લીન થતા જોયા તેથી પિતા ધર્મદેવને બાળ ઘનશ્યામ સર્વાવાતરી છે એવી પાકી ખાતરી થઈ.

૩૨. બાળ ઘનશ્યામે એકી સાથે કેટલા મલ્લોને પછાડ્યા ?

જ. બાળ ઘનશ્યામે એકલા હાથે એકી સાથે સત્તાવીશ મલ્લોને પછાડ્યા.

૩૩. સત્તાવીશ મલ્લોને પછાડવાથી બાળ ઘનશ્યામને શું નિમિત્ત મળ્યું ?

જ. સત્તાવીસ મલ્લોને પછાડવાથી બાળ ઘનશ્યામને સત્તાવીસ ઘાયલ મલ્લોના માતાપિતાની ફરિયાદોથી મોટાબાઈ રામપ્રતાપનો ઠપકો મળ્યો.આ ઠપકો જ બાળ ઘનશ્યામ માટે ઘરત્યાગ અને વનવિચરણનું નિમિત્ત બન્યો.

૩૪. વનવિચરણ કરતા બાળ ઘનશ્યામને નદીના રામઘાટ પર કોણે ધક્કો

માર્યો ?

જ. વનવિચરણ પ્રારંભ કરતા ઘનશ્યામને નદીના રામઘાટ પર દુષ્ટ કાલીદત્તના દુષ્ટ સાથી કૌશીદત્તે ધક્કોમારી નદીમાં નાંખી દીધા.

૩૫. ઘનશ્યામના ઘરત્યાગથી ધર્મકુળના વિલાપના આંસુ ક્યારે શમ્યા ?

જ. ઘનશ્યામે ઘર ત્યાગ્યા પછી ઘણા વર્ષો પછી સૌરાષ્ટ્રમાંથી શ્રીજી મહારાજે મોકલેલા સંતોએ ધર્મકુળને શ્રીહરિના શુભ સમાચાર પાઠવ્યા ત્યારે ઘનશ્યામ વિયોગી ધર્મકુળના આંસુભર્યા વિલાપો શાંત થયા અને બધેજ આનંદ આનંદ છવાઈ ગયો.

૩૬. શ્રીજી મહારાજે રામાનંદ સ્વામી આગળ શું માગ્યું છે ?

જ. શ્રીજી મહારાજે રામાનંદ સ્વામી પાસે એ માંગ્યું કે સૌ સત્સંગી હરિભક્ત પીડા રહિત થઈ સુખીયા રહો અને સૌનં સારૂં થાઓ.

૩૭. સ્વામી ગોપાળાનંદે કેટલા પ્રકારના માણસો ગણાવ્યા છે ?

જ. સ્વામી ગોપાળાનંદે પાંચ પ્રકારના માણસો ગણાવ્યા છે.

૩૮. ગંગાબાઈ માથાપર ટોપલામાં સળગતી સગડી કેમ રાખતા ?

જ. ગંગાબાઈને શ્રીજી મહારાજને હંમેશા ઊનું - ઊનું ભોજન જમાડવાની ભારે હોંશ હોવાથી તેઓ માથાપર ટોપલામાં સળગતી સગડી રાખતા.

૩૯. ગઢડામાં ગોપીનાથજીનું મંદિર બંધાતું હતું તેમાં શ્રીજી મહારાજે જાતે પથરા કેમ ઊપાડ્યા ?

જ. શ્રીજી મહારાજ ફરમાવતા હતા કે આ પથરા ઉપાડવાનું કામ ભગવાનનું કામ છે, મંદિરનું કામ છે અને પોતે આજે મનુષ્ય સ્વરૂપે છે તેથી મનુષ્યે ભગવાનના કામને પ્રથમ સ્થાન આપવું જોઈએ.

૪૦. શ્રીજી મહારાજે વડતાલનું મંદિર ચણતા હરિભક્તોના શરીરને ગારાવાળા ન કહેતા શાના લેપવાળા કહ્યા ?

જ. શ્રીજી મહારાજે વડતાલનું મંદિર બાંધતા હરિભક્તોના શરીરને ગારાવાળા કહેવાને બદલે ચંદનના લેપવાળા કહ્યા.

૪૧. શ્રીજી મહારાજ માંદા માણસને ઘેર ગયા એવા તરત જ કેમ પાછા ફરી ગયા ?

જ. શ્રીજી મહારાજે પેલા માંદા માણસના ખાટલાના પાયે દોરા-ધાગા બાંધેલ જોયા તેથી જ્યાં જંતર-મંતર અને ભૂવાના ઘાલેલા વહેમ હોય



ત્યાં મહારાજનો વાસ ન જ હોય એમ માનીને ત્યાંથી ચુપચાપ જ પાછા ફરી ગયા.

૪૨. જાનવરોને પાળવા અંગે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં શી સ્પષ્ટ આજ્ઞા ફરમાવી છે ?

જ. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ આજ્ઞા ફરમાવી છે કે, હરિભક્તો જેટલા જાનવરોનું સારી રીતે પાલન-પોષણ કરી શકે એટલા જાનવરોને જ પાળવા.

૪૩. શેઠના મોટા દીકરા સૂરજની સ્થિતિ છેવટે કેવી થઈ ?

જ. શેઠના મોટા દીકરા સૂરજની સ્થિતિ તેની પોતાની આળસ અને બેકાળજી ને કારણે છેવટે - એવી ખરાબ થઈ કે તેને લેણું વધી ગયું દુકાન વેચાઈ ગઈ, વેપાર ધંધાની પેઢી ભાંગી પડી અને છેવટે પેટ રળવા પારકે ઘેર નોકરી કરવાનો સમય આવ્યો.

૪૪. શ્રીજી મહારાજની આજ્ઞાથી નંદસંતોએ લગ્નમાં ફટાણાને બદલે ક્યા પદો રચ્યાં ?

જ. શ્રીજી મહારાજની આજ્ઞાથી નંદસંતોએ લગ્નમાં ફટાણાની જગ્યાએ શ્રીરાધાવિવાહ અને શ્રી રૂક્ષ્મણીવિવાહના પદો રચ્યાં.

૪૫. પર્વતભાઈ પોતાની જાતને શું માનતા હતા ?

જ. પર્વતભાઈ પોતાની જાતને શ્રીજીમહારાજના મુનીમ માનતા હતા.

૪૬. શ્રીહરિના ભક્ત ડોસાભાઈ શું ધંધો કરતા હતા ?

જ. શ્રીહરિના ભક્ત ડોસાભાઈ - વેપાર કરતા હતા.

૪૭. શ્રીજી મહારાજે 'નબળા રાજા' નું દ્રષ્ટાંત પોતાના ક્યા ગ્રંથમાં કહ્યું છે ?

જ. શ્રીજી મહારાજે 'નબળા રાજા'નું દ્રષ્ટાંત પોતાના 'વચનામૃત' ગ્રંથના ગઢડા પ્રથમ પ્રકરણમાં કહ્યું છે.

૪૮. ચીભડાવાળો છોકરો - પહેલા ચીભડા કોને જમાડવા ઈચ્છતો હતો ?

જ. ચીભડાવાળો છોકરો પહેલા ચીભડા શ્રીજી મહારાજને જમાડવા ઈચ્છતો હતો.

૪૯. આખા કઠલાલ ગામમાં શ્રીજી મહારાજના એકમાત્ર ભક્ત કોણ હતા ?

જ. આખા કઠલાલ ગામમાં શ્રીજી મહરજના એકમાત્ર ભક્ત રામબાઈ

નામે વૃદ્ધ બ્રાહ્મણ હતા.

૫૦. બોટાદના નગરે શેઠે - સ્વામી નિષ્કુળાનંદને ભોજનમાં શું પીરસ્યું ?

જ. બોટાદના નગર શેઠે - સ્વામી નિષ્કુળાનંદને ભોજનમાં ખાસ પ્રકારની મીઠાઈ પીરસી.

૫૧. શ્રીજી મહારાજની સભાનો શું નિયમ હતો ? તે નિયમનો અમલ શ્રીજી મહારાજે કોના પર કર્યો ?

જ. શ્રીજી મહારાજની સભાનો નિયમ એ હતો કે સભામાં કોઈએ નીંદરનું ઝોકું ખવાય નહી, ઝોકું ખાય તેને સભામાંથી ઉઠાડી મૂકવાનો. શ્રીજી મહારાજે પોતાના આ નિયમનો અમલ મોટેરા સંત મુક્તાનંદ સ્વામી પર કર્યો.

૫૨. શ્રીજી મહારાજને શાનો શોખ હતો ?

જ. શ્રીજી મહારાજને બીજાને જમાડવાનો શોખ હતો.

૫૩. શ્રીજી મહારાજે પ્રસન્ન થઈને પ્રસાદીના વસ્ત્રો-આભૂષણો કોને આપ્યા હતા ?

જ. શ્રીજી મહારાજે પ્રસન્ન થઈને પ્રસાદીના વસ્ત્રો-આભૂષણો ભુજના હરિભક્ત ગંગારામ મલ્લને આપ્યા હતા.

૫૪. આંધળાઓ ક્યારે લડતા બંધ થયા ?

જ. આંધળાઓને જ્યારે મહાવતે-લાકડાનો હાથી આપ્યો તે આખા હાથી પર હાથ ફેરવી - ફેરવીને જોયો ત્યારે જ લડતા બંધ થયા.

૫૫. ભીખારી છોકરો કોણ હતો ? શ્રીજી મહારાજે તેની સાથે શું વ્યવહાર કર્યો ?

જ. ભીખારીનો છોકરો જળડોડી એટલે કે માછલા જેવો અભક્ષ્ય આહાર ખાનારો હતો. શ્રીજી મહારાજે તેનો આવો આહાર હોવા છતાં તે ભૂખ્યો હોઈ તેને જમાડવા માટે સંતો તથા હરિભક્તોને આજ્ઞા કરી.

૫૬. લાડુબા આંખમાં આંસુ સાથે રથમાંથી કેમ ઉતરી ગયા ?

જ. લાડુબા સંતને બીમાર જોઈ આંખમાં આંસુ સાથે - બીમાર સંતને રથમાં સૂવાડી - સત્વરે ગઢડા ભેળા કરવા પોતે રથમાંથી ઉતરી ગયા.

૫૭. તીતા ભગતનું ખરૂં નામ શું હતું ?



જ. તીતા ભગતનું ખરૂં નામ ત્રિભોવન હતું.

૫૮. વૃદ્ધ બ્રાહ્મણ - શ્રીજી મહારાજને શું ધરવા આવ્યો હતો ?

જ. વૃદ્ધ બ્રાહ્મણ - શ્રીજી મહારજને એક રૂપિયો ધરવા આવ્યો હતો.

૫૯. ગોરધનભાઈ કોઈને માલ આપતા તો ચોપડામાં શું લખતાં ?

જ. ગોરધનભાઈ કોઈને માલ આપતા તો ચોપડામાં હસ્તે સ્વામિનારાયણ લખતાં.

૬૦. ડોશીએ શું બાધા રાખી હતી ?

જ. ડોશીએ એવી બાધા રાખી હતી કે મારો માંદો પુત્ર જો સાજો થઈ જાશે તો હું શ્રીજી મહારાજને સવા બે રૂપિયા ધરાવીશ.

●

**પ્રશ્ન ૨ પ્રશ્નોના જવાબ માત્ર 'હા' કે 'ના'માં આપો.**

૧. દુર્વાસામુનિના શાપથી શ્રી નરનારાયણ ભગવાન પૃથ્વી પર પ્રગટ થયા. **(હા)**

૨. રામનવમીને હરિનવમી પણ કહે છે ? **(હા)**

૩. ભક્તિમાતાના ખોળામાંથી કોટરા બાળઘનશ્યામને ઉપાડીને અલોપ થઈ ગઈ ? **(હા)**

૪. સ્વામી મહાનુભાવનંદ એજ બાળઘનશ્યામનું નામકરણ કરનાર માર્કન્ડેય ઋષિ છે ? **(હા)**

૫. છરી, મહોર અને ગ્રંથ આ ત્રણે વસ્તુ બાળ ઘનશ્યામે એકી સાથે ઉપાડી લીધી ? **(ના)**

૬. વંટોળમાં ટૂટી પડેલ એક ઝાડ નીચે ચગદાઈને દુષ્ટ કાલીદત્ત મરી ગયો ? **(હા)**

૭. ઘનશ્યામને કોઈ બીક જ લાગતી નહોતી ? **(હા)**

૮. મલ્લોએ સાંકળેથી ખેંચીને ઘનશ્યામને નદીના જળમાં ફેંકી દીધા ? **(ના)**

૯. શ્રવણ તલવાડીએ શ્રીજી મહારાજની જમણી સાથળમાં આંબલીનો ખાંપો વાગ્યો હતો ? **(ના)**

૧૦. રખેવાળને જોઈને બીજા બાળકોની સાથે ઘનશ્યામ પણ

ભાગી નીકળ્યા ? (ના)
૧૧. ઘનશ્યામ ખેતરમાં મકાઈ અને ચીભડી વચ્ચે ઉગેલું ઘાસ ચૂંટતા હતા ? (ના)
૧૨. બીજાને જે વિદ્યા શીખતા બાર વર્ષ લાગે તે વિદ્યા ઘનશ્યામ બાર દિવસમાં જ શીખી લેતા ? (હા)
૧૩. હલવાઈએ જોયું તો તેની બધી મીઠાઈ જેમની તેમ હતી ? (હા)
૧૪. ઘનશ્યામના મામા વશરામ તરવાડીએ જે પહેલું ચીભડું ચાખ્યું તે મીઠું મધ હતું ? (ના)
૧૫. મોટાભાઈએ બાળ ઘનશ્યામને એક જ સમયે જુદા જુદા મંદિરોમાં જોયા ? (હા)
૧૬. ભાભીએ ઘનસ્યામને વધુ દૂધ પીરસ્યું ત્યારથી ગોમતી ગાયે પણ વધુ દૂધ દેવાનું શરૂ કર્યું ? (હા)
૧૭. ભાભીએ ભમરડો ન લાવી દીધો તેથી ઘનશ્યામને ભાભી પર રીસ ચઢી ? (હા)
૧૮. ઘનશ્યામ જનોઈ સંસ્કાર વિધિ વખતે જ ઘર ત્યાગીને હિમાલય ભેળા થઈ ગયા ? (ના)
૧૯. તળાવમાં નહાતા - નહાતા પડી જવાથી ઘનશ્યામને હોઠ પર ઈજા થઈ ? (હા)
૨૦. ઘનશ્યામે મામીની વાળી કૂવામાંથી શોધી આપી ? (હા)
૨૧. ઘનશ્યામે ખાંપા તલવાડીએ સુરદાસોને દેખતા કર્યા ? (ના)
૨૨. ઈચ્છારામ અંધારામાં જાંબુડાના ઝાડ હેઠળ જઈને બેઠા હતા ? (હા)
૨૩. રામપ્રતાપભાઈ મહામલ્લ હતા ? (હા)
૨૪. બાવાને પોતાની ભૂલ નજરો નજર દેખાતાં ઠંડો પડી ગયો ? (હા)
૨૫. બાવાઓ હનુમાનમઢીના મંદિરમાં પ્રભુભજન કરતા હતા ? (ના)
૨૬. સમાધિમાં ભક્તિમાતાએ દિવ્ય અક્ષરધામ અને અક્ષરધામના અધિપતિ શ્રીહરિના દર્શન કર્યા ? (હા)
૨૭. અંત સમયે ધર્મદેવને ભગવાનના તમામ અવતારોનું



દર્શન થયું ? (હા)
૨૮. મલ્લોના મા-બાપોએ પોતાના પુત્રોને ઘાયલ કર્યા તે બદલ ઘનશ્યામ મહારાજને અભિનંદન આપ્યા ? (ના)
૨૯. મોટાભાઈનો ઠપકો ઘનશ્યમ માટે વનવિચરણ લીલાના પ્રારંભનું નિમિત્ત બન્યો ? (હા)
૩૦. ઘનશ્યામના ગૃહત્યાગથી ઘરમાં સૌને આનંદ થયો ? (ના)
૩૧. શ્રીજી મહારાજે રામાનંદ સ્વામી પાસે સૌ સત્સંગી હરિ ભક્તોનું સારું થાઓ એવું માગ્યું ? (હા)
૩૨. નંદસંતો ૧૭૦૦ ની સંખ્યામાં હતા ? (હા)
૩૩. સૌના સાચા મિત્ર શ્રીજી છે ? (હા)
૩૪. ગોપાળાનંદ સ્વામીએ જણાવેલ પાંચ પ્રકારના માણસોમાંથી પોતે કેવા પ્રકારનો છે તે દરેક માણસે પોતાની બુદ્ધિ પ્રમાણે નક્કી કરવાનું છે ? (હા)
૩૫. શ્રીજી મહારાજ ગંગાબાઈને મા કહીને બોલાવતા ? (હા)
૩૬. હોળીનો ઉત્સવ ચોરી કરીને જ ઉજવાય ? (ના)
૩૭. મંદિર બાંધવા શ્રીજી મહારાજ ભક્તોને આજ્ઞા કરે અને પોતે ગાદી પર બેઠા રહીને જોયા કરતા હતા ? (ના)
૩૮. વડતાલનું મંદિર બાંધતા સંતો હરિભક્તોના શરીર ગારાવાળા હતા તોયે મહારાજ તેઓને પ્રેમથી ભેટ્યા ? (હા)
૩૯. જ્યાં વહેમ ત્યાં મહારાજ નહી, જ્યાં મહારાજ ત્યાં વહેમ નહી ? (હા)
૪૦. અદાભાઈ મહારાજની વાત માની બીજું ઘોડું ન લાવ્યા ? (હા)
૪૧. શેઠના બે દીકરાઓમાંથી નાના દીકરા ધીરજે બાપની શિખામણ માની તેથી સુખી થયો ? (હા)
૪૨. લગ્નપ્રસંગમાં ફટાણા તો ગાવાજ જોઈએ ? (ના)
૪૩. પર્વતભાઈ શ્રીજી મહારાજની ચરણસેવા કરતા બેસી ગયા ? (હા)
૪૪. ડોસાભાઈ શ્રીજી મહારાજની ચિઠ્ઠી વાંચી, પોતાના ઘરના માણસોને ઘરબાર તથા વેપારધંધાની ભલામણ

કરવા લાગ્યા ? (ના)

૪૫. ચીભડાવાળા છોકરે - રસ્તામાં ચીભડા પેટ ભરીને ખાઈને પછી જ શ્રીજી મહારાજને ધરાવ્યા ? (ના)

૪૬. ડોશી કહે : “હવે આ જળ પ્રસાદીનું થયું તે હું ગામના કૂવામાં નાખીશ જેને પીને ગામ આખું સત્સંગી થશે. (હા)

૪૭. સ્વામી નિષ્કુળાનંદે બોટાદના નગરશેઠને પીરસેલ રોટલો અને છાશ પ્રેમથી ખાધા ? (હા)

૪૮. દાદા ખાચર ગઢડાના રાજા હતા તોયે રાત-દિવસ મહારાજની સેવામાં ખડેપગે રહેતા ? (હા)

૪૯. શ્રીજી મહારાજ પોતાની સભામાં ઝોકું ખાય તેને શાબાશી આપતા ? (ના)

૫૦. શ્રીજી મહારાજ પોતે પોતાના હાથે મજૂરોને પીરસ્યુંને જમાડ્યા ? (હા)

૫૧. આઠ-આઠ નાળિયેર એકી સાથે ફોડી નાખનાર રાયધણજીને મહારાજે બગલમાં ભીંસીને પરસેવો છોડાવી દીધો. (હા)

૫૨. આંધળાઓની શંકા - મહાવતે લાકડાના હાથીને સ્પર્શ કરાવીને દૂર કરી ? (હા)

૫૩. શ્રીજી મહારાજે ફરમાવ્યું કે અન્નદાન કરતા શ્રીહરિના સ્વરૂપ સંબંધી જ્ઞાન ચડિયાતુ છે પણ તે અન્નદાન દીધા પછીની વાત છે તે સાચું ? (હા)

૫૪. શ્રીજી મહારાજે કહ્યું છે કે “જે ઠાઠ-માઠથી ભક્તિ કરે તેના પર જ ભગવાન પ્રસન્ન થાય.” (ના)

૫૫. લાડુબા ખરા તાપમાં પગે ચાલતા ઘેર ગયા ? (હા)

૫૬. તોફાનીઓએ તીતા ભગતને હોળીના દિવસે ન રંગ્યા ? (ના)

૫૭. વૃદ્ધ બ્રાહ્મણે શ્રીજી મહારાજને ધરાવવાનો રૂપિયો પોતાનું ધોતીયું લેવામાં ખર્ચી નાખ્યો ? (ના)

૫૮. જે પોતાનું ભગવાનને ભળાવે છે, તેનું બધું ભગવાન સાંભળે છે. (હા)



**પ્રશ્ન ૩ નીચેનામાંથી ખરાં વાક્યો સામે (✓) ની અને ખોટા વાક્યો સામે (✗) ની નિશાની કરો.**

૧. એકસોને ઓગણ ચાલીસ જેટલા ઋષિ - મુનિઓ શ્રી નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા બદરીકાશ્રમમાં પધાર્યા. (✓)

૨. શ્રીજી મહારાજ અયોધ્યામાં પ્રગટ્યાં. (✗)

૩. કાલીદત્ત વિશુદ્ધ કર્મકાંડી અગ્નિહોત્રી બ્રાહ્મણ હતો. (✗)

૪. શાસ્ત્રો કહે છે કે માર્કન્ડેય ઋષિએ બીજો જન્મ લીધો. (✓)

૫. બાળ ઘનશ્યામે ઉપાડીને ખોલેલા ગીતાના પાનામાં ધર્મદેવે વાંચ્યું કે, “જ્યારે જ્યારે દુનિયામાં પાપ વધી જાય છે ત્યારે હું અવતાર લઉ છું. (✓)

૬. બાળ ઘનશ્યામ પર કાલીદત્તે પર્વતકાય બની પડતું મુક્યું. (✓)

૭. ભગવાન ખાસ પ્રસંગેજ પોતાનું ભગવાનપણું દેખાડે. (✓)

૮. બાળ ઘનશ્યામે સાંકળને હળવેકથી આંચકો આપતા તેના બાર ટૂકડા થઈ ગયા. (✓)

૯. ખાંપા તલાવડીનો પ્રસંગ લોયા વચનામૃતના એક પ્રકરણમાં આવે છે (✗)

૧૦. જાંબુડાના રખેવાળને બાળ ઘનશ્યામે હાથ પકડી ઝાટકો મારી ભોંય પછાડ્યો. (✓)

૧૧. ચંદામામી ઘનશ્યામને ગમાણમાંથી બહાર કાઢી હાથ પકડી ઘરમાં લઈ આવ્યા. (✗)

૧૨. ધર્મદેવ અને શ્રીજી મહારાજ-બન્ને પિતા-પુત્રના ગુરૂ રામાનંદ સ્વામી હતા. (✓)

૧૩. નાનાભાઈ ઈચ્છારામ ઘનશ્યામને વીંટી લેતા જોઈ ગયેલા. (✓)

૧૪. જેમાં ભગવાનનો ભાગ તે મીઠું, જેમાં ભગવાનનો ભાગ નહીં તે કડવું. (✓)

૧૫. બાળ ઘનશ્યામને એક સમયે - ત્રણ સ્થાને જોઈ એ ખ્યાલ આવ્યો કે ઘનશ્યામ સર્વત્ર છે. (✓)

૧૬. બાળ ઘનશ્યામ અને ગોમતી ગાય એ બન્નેને પરસ્પર એક બીજા પર બહુજ વહાલ હતું. (✓)
૧૭. રામપ્રતાપભાઈ વાત - વાતમાં હાથ ઉપડાતા. (✓)
૧૮. ઘનશ્યામને દસ વર્ષે જનોઈ દેવામાં આવી. (×)
૧૯. ખાંપા તલાવડીમાં કૂદા-કૂદ કરી ન્હાતાં ઘનશ્યામનો હોઢ ચીરાયો. (×)
૨૦. કૂવામાં વાળી પડી જવાની ચંદામામીની વાત ખોટી હતી. (×)
૨૧. બાળઘનશ્યામે દયા કરી સુરદાસોને પગની આંટી મારી ઊભા-ઊભા બંસી વગાડતા બાળ કનૈયારૂપે દર્શન કરાવ્યા. (✓)
૨૨. ઈચ્છારામે અંધારામાં કેસરિયો આંબો શોધી જ લીધો. (✓)
૨૩. રામપ્રતાપભાઈને કદી ક્રોધ ચઢતો જ નહોતો. (×)
૨૪. કનકભવન મંદિરનો બાવો પાકો આળસુ હતો. (✓)
૨૫. ઘનશ્યામે જુગારી બાવાઓની સાન કેઠાણે લાવી દીધી. (✓)
૨૬. બાળ ઘનશ્યામે માતાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ સંભળાવ્યો. (✓)
૨૭. ધર્મદેવે શ્રીહરિની મૂર્તિમાં તદાકાર થઈ દેહત્યાગ કર્યો. (✓)
૨૮. ઘનશ્યામને બ્રહ્મચારીને વેષે ગૃહત્યાગ કરી ઉત્તર દિશાએ સરયુ ગંગા તરફ ચાલવા માંડ્યું. (✓)
૨૯. ઘનશ્યામના જવાથી સુવાસિની ભાભી શોકથી પાગલ જેવા થઈ ગયા. (✓)
૩૦. શ્રીજીએ જ બધાના સાથી. (✓)
૩૧. ઘનશ્યામ, હરિકૃષ્ણ, નીલકંઠ, શ્રીહરિ, સહજાનંદ વગેરે ભગવાન સ્વામિનારાયણના જ નામો છે. (✓)
૩૨. ગોપાળાનંદ સ્વામીએ જણાવ્યા તે પાંચેય પ્રકારના માણસોની સોબત કરવી જોઈએ. (×)
૩૩. જેતલપુરમાં આજ પણ ગંગામા રહેતા તે ઓરડી છે. (✓)
૩૪. હોળી આવે એટલે છોકરાઓ ઘરોમાંથી લાકડા, છાણા ચોરી લાવે અને હોળી કરે. (✓)
૩૫. મહારાજ માથા પર પથ્થરો લઈને આવે ત્યારે સંતોને ભક્તો



મનોમન મહારાજને પગે લાગે. (✓)
૩૬. શ્રીજીનું દીધું ધાન સૌ ખાતા. (✓)
૩૭. મહારાજ જાતે શ્રમ કરતા નહોતા પણ શ્રમ કરે તેને વખાણતા જરૂર. (✓)
૩૮. જોબન વડતાલો એજ જોબનપગી. (✓)
૩૯. મહારાજે જોયું તો ખાટલે રાતો દોરો બાંધેલો હતો. (×)
૪૦. અદાભાઈ ઘોડાનું કાઠું માથે લઈને ઘેર આવ્યા. (✓)
૪૧. શેઠના બેઉ દીકરાએ શેઠની શિખામણ માની તેથી બેઉ સુખી થયા. (×)
૪૨. શ્રીજી મહારાજે સંતોને આજ્ઞા કરી : “લગ્નમાં ગવાય એવા પદો રચો.” (✓)
૪૩. પર્વતભાઈએ હરિભક્તોના ઘોડાને ઘાસ ચંદીનું નીરણ કર્યું. (×)
૪૪. શ્રી વચનામૃત કેરૂ હું તો રોજ કરું છું પારાયણ (✓)
૪૫. શ્રીજી મહારાજના પરમભક્ત ડોસાભાઈ ગોંડલના વતની હતા. (×)
૪૬. આપણે રાજા છીએ. આપણું શરીર અને આપણું મન એ બન્ને આપણા રાજ્યો છે. (✓)
૪૭. ચીભડા ખાવાનું મન હોવ છતાં છોકરે ચીભડા ન ખાધાં. (✓)
૪૮. રોજ સૂરજ ઉગ્યા પછી જ જાગીને ભગવાનનું નામ લેવું જોઈએ. (×)
૪૯. મહારાજે રામબાઈની માટલીમાંથી જળપાન કર્યું. (✓)
૫૦. શેઠ સમજી ગયા કે સ્વામીને મીઠાઈ ધરી મેં મહાઅપરાધ કર્યો છે. (✓)
૫૧. શ્રીજી મહારાજની પ્રસન્નતામાં જ દાદા ખાચારની પ્રસન્નતા હતી. (✓)
૫૨. શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને ભરી સભામાંથી ઉઠાડી બહાર જવા આજ્ઞા કરી. (✓)
૫૩. હરિભક્તો - મજૂરોને ધધડાવીને લઈ આવ્યા. (×)
૫૪. શ્રીજી મહારાજ નાનપણથી જ મલ્લ કુસ્તીના રસીયા હતા. (✓)

૫૫. હાથીના દ્રષ્ટાંત જેવુંજ શ્રીજી મહારાજે લોયા વચનામૃતમાં ગાયનું દ્રષ્ટાંત આપ્યું છે. (✓)

૫૬. શ્રીજી મહારાજે માછલાં ખાનાર ભીખારી-છોકરાને અન્ન આપવાની ચોખ્ખી ના પાડી. (×)

૫૭. ગરીબ માણસની શ્રધ્ધા-ભક્તિથી જ ભગવાન રાજી થતા નથી. (×)

૫૮. શ્રીજી મહારાજે લાડુબાની સાધુની સેવાભક્તિના ખૂબ વખાણ કર્યા છે. (✓)

૫૯. હોળીના ઘેરૈયાઓ તીતા ભગતને હાથીની અંબાડીએ બેસાડ્યા. (×)

૬૦. બ્રાહ્મણના વસ્ત્રો નવાનકોર અને સુઘડ હતા. (✓)

૬૧. ગોરધનને બધું શ્રીજીમય જ દેખાતું. (✓)

૬૨. મહારાજની બાધાથી ડોશીનો છોકરો સાજો થઈ ગયો. (✓)

●

**પ્રશ્ન ૪ નીચેના વાક્યો કોણ બોલે છે, તે જણાવો.**

૧. 'હે ઋષિ-મુનિઓ, પૃથ્વીના શા ખબર છે ?' **શ્રી નરનારાયણ ભગવાન**

૨. 'તમે સ્વયં ધર્મ પ્રજાપતિ છો અને ભક્તિમાતા તમારા પત્નિ મૂર્તિદેવી છે.' **બાળકૃષ્ણ**

૩. 'કાળ પણ તમારા બાળકથી બીએ છે, તો કોટરા બોટરાનું શુ ગજું છે ?' **હનુમાનજી**

૪. 'પણ એ જય જયકાર જોવા હું જીવતો નહિ હોઉ એ વિચારે મારી આંખોમાં આંસુ આવે છે.' **માર્કેન્ડેય ઋષિ**

૫. 'હરિ મળ્યા ! હરિ મળ્યા !' **સુંદરી મામી**

૬. 'આવીજા ! આજે તારી પરીક્ષા !' **મલ્લો**

૭. 'એ ઝાડ અને એ તલાવડી આજે પણ સાંભરી આવે છે !' **શ્રીજી મહારાજ**

૮. 'એય ચોર ! મારાં જાબું કેમ ખાધા ?' **જાંબુડાનો રખેવાળ**





૯. 'ઘનશ્યામ ! દીકરા ઘનશ્યામ, તું ક્યાં છે ?' **ભક્તિમાતા**

૧૦. 'મારા ગુરુ રામાનંદ સ્વામીએ મને આ મંત્ર પ્રયાગ ક્ષેત્રમાં આપ્યો હતો તે હું તને આપું છું !' **ધર્મદેવ**

૧૧. 'તે મીઠાઈ ખાઈ મને વીંટી દીધી છે, મફત દીધી નથી.' **હલવાઈ**

૧૨. 'બહેન ચીભડા તો કડવા પાક્યાં ! ' **વશરામ તરવાડી**

૧૩. 'મા, આમ કે ? ગાય હવે પહેલા જેવુ દૂધ કેમ નથી દેતી !' **સુવાસિની ભાભી**

૧૪. 'ખેલો કૂદો ભલે, પણ શરીર તો સાચવવું જોઈએ ને ?' **રામપ્રતાપભાઈ**

૧૫. 'ખોટી વાત ! વાળી કૂવામાં નથી !' **તરવૈયો**

૧૬. 'પૈસા આલો તો ફૂંકમારી તમને દેખતા કરું !' **બાવો**

૧૭. 'સાખો મેં વીણી તે મારી ! હું એમાંથી કોઈને ભાગ આપું નહિ !' **મંછારામ**

૧૮. 'ચોરટાઓ, હું હમણાં તમને ફણસનો સ્વાદ ચખાડું છું' **રામપ્રતાપભાઈ**

૧૯. 'હું તમને જ એ પૂછું છુ કે તમારામાં અક્કલ બળી છે કે નહિ ?' **શ્રીજી મહારાજ**

૨૦. 'અમે મહાન ગુરૂના ચેલા છીએ, તું અમને શિખામણ દેનારો કોણ !' **જુગારી બાવાઓ**

૨૧. 'હે રામપ્રતાપ, હવે આ ઘરનો ભાર તારા માથે છે. પણ તુ સ્વભાવે ઊગ્ર છે.' **ધર્મદેવ**

૨૨. 'ઘનશ્યામે અમારા દીકરાઓને વગર વાંકે માર્યા, આવું કેમ ચાલે ?' **મલ્લોના માબાપ**

૨૩. 'તમારા વિના અમારા દિવસો કેમ જશે ?' **સુવાસિની ભાભી**

૨૪. 'માણસો પાંચ પ્રકાર હોય છે.' **સ્વામી ગોપાળાનંદ**

૨૫. 'આ ક્યાં મારું કામ છે ? આતો ભગવાનનું કામ છે !' **શ્રીજી મહારાજ**

૨૬. 'મહારાજ, અમારાં શરીર ચોખ્ખા નથી, ગારાવાળાં છે.' **સંતો અને હરિભક્તો**

૨૭. 'એઈ ! મૂકી દે તારી પાસે જે હોય તે ! જો ટચટચ કરીશ તો જીવતો નહિ મેલુ !' **વાલિયો લૂંટારો**

૨૮. 'તો ભગવાનનું નામ લે ! રામ રામ જપ !' **નારદ**

૨૯. 'સરકાર પણ છે મોટી ચોર, લૂંટે અમને આઠે પહોર !' **જોબન વડતાલો**

૩૦. 'શ્રીહરિ શરણં મમ્ જય સ્વામિનારાયણ
શ્રી હરિ શરણં મમ્ જય સ્વામિનારાયણ !' **જોબન વડતાલો**

૩૧. 'મહારાજ ! કૃપા કરી અમારે ઘેર પધારો !' **માંદા પડેલ માણસના સગા**

૩૨. 'મારે એક ઘોડી છે, પણ બીજી લેવી છે.' **અદાભાઈ**

૩૩. 'તમારું ઘોડું લઈ જાઓ !' **અદાભાઈના ગામના પટેલ**

૩૪. 'જેને યાદ ન રહેતું હોય તે નામું લખે, મને તો બધુ જીભને ટેરવે છે' **શેઠનો મોટો દીકરો સૂરજ**

૩૫. 'તમારી કમાણી જોઈને ખર્ચ કરજો.' **શેઠ**

૩૬. 'લગ્નમાં ગવાય એવાં પદો રચો.' **શ્રીજી મહારાજ**

૩૭. 'કામ બધું મહારાજનું છે, હું મહારાજનો મુનીમ છું અને મહારાજ વતી કામ કરું છું.' **પર્વતભાઈ**

૩૮. 'એકવાર અમને પર્વતભાઈના ઘેર લઈ જાઓ !' **કાઠી ભક્તો**

૩૯. 'મહારાજ, એ તો તમારો સેવક છે, એટલે તમે એના વખાણ કરો. બાકી જેવા અમે સંસારી, એવો એ સંસારી !' **દ્વારકાની યાત્રા કરી પાછા ફરતા બંધિયાના યાત્રાળુઓ**

૪૦. 'મહારાજે બોલાવ્યો છે, જાઉ છું !' **ડોસાભાઈ**

૪૧. 'ઊહું ચીભડાં કંઈ મારા નથી, ચીભડાં તો મહારાજના છે.' **ચીભડાની વાડીવાળો છોકરો**

૪૨. 'તમારા સ્વામિનારાયણ હમણાં અહીં થઈને ગયા !' **કઠલાલના લોકો**

૪૩. 'મહારાજ ! મારું ઘર ટાળીને આમ બારોબાર ?' **કઠલાલના રામબાઈ**



૪૪. 'સ્વામી, કૃપા કરી મારે ત્યાં પધારો, જમીને જજો !' **બોટાદના નગરશેઠ**

૪૫. 'અલ્યા નિષ્કુળ, તું તો મોટા લોકનો મહેમાન !' **સ્વામી નિષ્કુળાનંદ**

૪૬. 'મહારાજ ! આ તમારો ખોટો પક્ષપાત છે.' **દાદાખાચરના ભાયાત કાઠી ભક્તો**

૪૭. 'હું સાધુ ભેગો રહીશ અને ઘરવાળા સાંખ્યયોગી બાઈઓ ભેળા રહેશે !' **દાદા ખાચર**

૪૮. 'દાદો તો દાદો છે !' **શ્રીજી મહારાજ**

૪૯. 'સ્વામી તો મોટેરા, મહારાજના ગુરુ જેવા એમને આવી આજ્ઞા ?' **ભક્તો**

૫૦. 'કથામાં જે ઊંઘે તેનું કામ નહિ માટે સ્વામી, તમે બહાર જાઓ !' **શ્રીજી મહારાજ**

૫૧. 'ના મહારાજ, એ લોકો નથી જમ્યા !
અમે એમને તેડ્યા નથી !' **ગામના લોકો**

૫૨. 'એ એક સાથે આઠ નાળિયેર ફોડી નાખે છે !' **રાયધણજીના ત્રણ મોટાભાઈઓ**

૫૩. 'મહારાજ, મારાં તો હાડકાં ભાંગી ગયાં !' **રાયધણજી**

૫૪. 'ઓહોહો ! આ હાથી ! બહુ જબરો, બહુ મોટો !' **આંધળાઓ**

૫૫. 'મહારાજ, શું બોલીએ ? એ છોકરો માછલાં ખાનારો છે.' **ભક્તો**

૫૬. 'ભૂખે હોય તેને અન્ન-જળ દઈ એનું દુઃખ ટાળવું એ ગૃહસ્થનો ધર્મ છે.' **શ્રીજી મહારાજ**

૫૭. 'જે ઠાઠમાઠથી ભક્તિ કરે તેની ઉપર જ ભગવાન પ્રસન્ન થાય અને ગરીબ હોય તેની ઉપર ન થાય એમ નથી.' **શ્રીજી મહારાજ**

૫૮. 'હું પાછળ ચાલતી આવું છું.' **લાડુબા**

૫૯. 'મુખડાની માયા લાગી રે મોહન તારા.' **બ્રહ્માનંદ સ્વામી**

૬૦. 'મુઆ લોકો ભેળા જીવનું આવું અપમાન શું કરવા કરતા હશે ?' **તીતા ભગત**

૬૧. ‘રીંગણા બીલ્કુલ તાજા છે. જરી ધોઈને વાપરાવાં પડશે.’

**તીતા ભગત**

૬૨. ‘રસ્તો કરો, ભગત આવે છે !’ **શ્રીજી મહારાજ**

●

## પ્રશ્ન ૫ પાત્ર પરિચય આપો.

**(૧) ઘનશ્યામ**

બદરીકાશ્રમમાં દુર્વાસા મુનિનો શાપ પામેલ ઋષિ-મુનિઓને શાપ મુક્ત તેમજ પૃથ્વીને પાપમુક્ત કરવા ભગવાન નારાયણ છપૈયાધામે સંવત અઢારસો સાડત્રીસના ચૈત્રમાસની સુદ નવમી અને સોમવારે બાળસ્વરૂપે પ્રગટ થયા.

ધર્મદેવ અને ભક્તિદેવી તેમના માતા-પિતા હતા. તેમના મોટાભાઈનું નામ રામપ્રતાપ અને નાના ભાઈનું નામ ઈચ્છારામ હતું.

તેમના અનેકનામ છે પણ તેમ છતાં પ્રચલિત નામ હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, શ્રીજી મહારાજ, શ્રીહરિ વગેરે છે. છપૈયા અને અયોધ્યામાં વિદ્યાભ્યાસ અને અગમ્યલીલા કર્યા બાદ અગિયાર વર્ષ વનવિચરણ કરી, સૌરાષ્ટ્ર પ્રદેશે આવી રામાનંદ સ્વામીને મળ્યા.

સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી, બે ગાદી સ્થાપી નવ મંદિરો બાંધી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી તથા પૂર્ણાનંદ સ્વામી જેવા અનેક સમર્થ નંદસંત પારસમણિઓ જગતને ભેટ આપી, શ્રી સહજાનંદ સ્વામી તથા ભગવાન સ્વામિનારાયણ નામ ધારણ કરી, તેમજ શ્રી શિક્ષાપત્રી તથા શ્રી વચનામૃત જેવા અમર અને સનાતન ગ્રંથો જગતને અર્પી ગઢપુરધામે અવતાર લીલા સમાપ્ત કરી.

**(૨) ભક્તિમાતા**

ભક્તિમાતા ભગવાન સ્વામિનારાયણના માતા છે. ભક્તિદેવી એ જ મૂર્તિ દેવી છે. જેઓ બાળ ઘનશ્યામના અવતાર માતા બન્યા.

શ્રીહરિએ માતા ભક્તિને પુત્ર રૂપે સેવા કરી દેવદુર્લભ અવતાર લીલાના તાદ્રશ્ય દર્શન કરાવ્યા.



માતા ભક્તિદેવીને શ્રીજી મહારાજે ઘનશ્યામરૂપે અંત સમયે સમાધિમાં દિવ્ય અક્ષરધામના તથા અક્ષરધામના અધિપતિ શ્રીહરિ રૂપે દર્શન આપી પોતાના ચિરંતન રૂપમાં વિલીન કર્યા.

**(૩) ધર્મદેવ**

ધર્મ પ્રજાપતિ તે ધર્મદેવ, ઘનશ્યામના પિતા. જેઓ ઘનશ્યામના પ્રથમ વિદ્યા ગુરૂ પણ બન્યા અને ‘‘શ્રીકૃષ્ણઃ શરણં મમ્’’ નામક મંત્રના દાતા પણ બન્યા.

શ્રીહરિએ પુત્રરૂપે ધર્મદેવની સેવા કરી અતિ સુખ આપી. અંતકાળે સર્વે અવતારો જેમાં લીન થાય છે તેવા પોતાના સર્વાવતારી સ્વરૂપનાં દિવ્ય દર્શન કરાવ્યા.

**(૪) શ્રી રામપ્રતાપભાઈ તથા શ્રી ઈચ્છારામ**

શ્રી રામપ્રતાપભાઈ ઘનશ્યામના મોટાભાઈ જેઓ શરીરે સુદ્રઢ અને મલ્લોના મલ્લ નીડર હતા.

સ્વભાવે શ્રી રામપ્રતભાઈ - શ્રી શેષ સ્વરૂપ - બળદેવજીની યાદ અપાવે એવા ઉગ્ર સ્વભાવના હતા જેમની લધુબંધુ રૂપે શ્રી ઘનશ્યામે સેવા કરી અનેક અગમ્ય લીલાદર્શન કરાવ્યા.

શ્રી ઈચ્છા રામ - ઘનશ્યામના લધુબંધુ એટલે કે નાનાભાઈ હતા. શ્રી ઘનશ્યામ મહારાજે નાનાભાઈ શ્રી ઈચ્છારામને દિવ્ય - પ્રેમ અને દિવ્ય લીલાના દર્શન કરાવ્યા.

‘‘ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત ભગવાનના ધામને પામે છે’’ની પાવન અને અમર પરંપરા શ્રી રામપ્રતાપભાઈ અને શ્રી ઈચ્છારામના વંશવારસોમાં જ શ્રીજી મહારાજે સ્થાપેલા આચાર્ય ગાદીઓના અધિપતિઓથી થઈ.

**(૫) ગંગામા**

ગંગામાં અમદાવાદ પાસેના જેતલપુર ગામના હતા અને શ્રીજી મહારાજના વૃદ્ધ હરિભક્ત હતા.

ગંગામને શ્રીહરિ પર અપ્રાર પ્રેમ. શ્રીહરિ પણ એઓને મા કહીને જ બોલાવે, તેથી સંતો - હરિભક્તો પણ ગંગામાને મા જ કહેતા.

ગંગામા ને મહારાજને ગરમ-ગરમ રસોઈ જમાડવાની ભારે હોંશ

હતી. તેથી તેઓ મહારાજ જ્યાં જાય ત્યાં પાછળ-પાછળ ફરે. માથાપર સૂંડલો (ટોપલો) લે, તેમાં બળતી સગડી મૂકે, અને સગડી પર દાળ-શાક વગેરે મહારાજ માટે ચડે.

જમવાના સમયે ટોપલો નીચે ઉતારી એકદમ ગરમ-ગરમ રસોઈ તૈયાર કરી, મહારાજ પાસે થાળ પીરસી મહારાજને પ્રેમથી જમાડે.

જેતલપુરમાં ગંગામા પૂજતા તે રાધાકૃષ્ણની મૂર્તિ આજે પણ છે અને આજે પણ ગંગામાની ઓરડી જેતલપુરમાં યથાવત છે.

**(૬) અદાભાઈ**

અદાભાઈ શ્રીહરિના ભક્ત હતા અને કચ્છ દેશના માનકુવા ગામના રહીશ હતા.

તેઓને સંગ્રહ ખોરીનો શોખ હતો. તે શોખ પ્રમાણે તેઓ પોતાના વટને માટે એક ઘોડી હોવા છતાં બીજી ઘોડી લેવા માંગે છે. એવું શ્રીજી મહારાજને જણાવ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું, ''તમે ઢોર સારું ખડ રાખો છો ?''

અદા ભાઈ કહે : 'અમારે ખડની જરૂર નથી. ગામના પટેલીયાઓના ઢોર-ઢાંખર ભેળા અમારા ઘોડાએ ખડખાય. ખપ પડે ત્યારે લઈ આવીએ.

શ્રીહરિ કહે : 'પણ જો કોઈકવાર પટેલોના ઢોરનેજ ખાવા ખડ નહોવાથી તેઓ તમને કહે કે તમારું ઘોડું પાછું લઈ જાવ એમ કહેતા તમે તે ઘોડું ઘરે લાવતા હશો ત્યાં વચ્ચે જ એ જો મરી જશે તો તે જ ઘોડાનું કાઠું તમારે માથે મેલી ઘેર આવવું પડશે, ત્યારે તમારા વટનું શું થશે ?

અદાભાઈ શ્રીહરિની વાત ન માની બીજું ઘોડું રાખ્યું અને શ્રીહરિના કહ્યા પ્રમાણે રસ્તા વચ્ચે જ ઘોડું મરી ગયું ત્યારે તેમણે કાઠું માથે ઉપાડવું પડ્યું ત્યારે શ્રીહરિનું કહ્યું ન માન્યાનો બહુજ અફસોસ થયો.

**(૭) પર્વતભાઈ**

પર્વતભાઈ સૌરાષ્ટ્રના અગતરાઈ ગામના હરિભક્ત ખેડૂત હતા. તેઓ સતત મહારાજનું સ્મરણ જ કર્યા કરતા અને બધું જ મહારાજનું છે, હું તો તેમનો મુનીમ છું એમ જ કહેતા અને માનતા.

મહારાજ પર્વતભાઈના બહુ જ વખાણ કરતા હોઈ કાઠી ભક્તોએ શ્રીજી મહારાજ સહિત પર્વતભાઈની પરીક્ષા લેવા ધાર્યું.



મહારાજ સાથે એ સૌ અગતરાઈમાં આવ્યા. પર્વતભાઈએ મહારાજની જ સેવા કરવા માંડી. કાઠી ભક્તો કે તેમના ઘોડાઓની સંભાળ ન લેતા ભક્તો અકળાયા તેથી મહારાજે પર્વતભાઈને ભક્તો અને ભક્તોના ઘોડાની સાર-સંભાળ કેમ નથી લેતા એમ પૂછતા તેઓએ જણાવ્યું કે : 'મહારાજ ! આપ શેઠ છો, હું આપનો નોકર છું. શેઠની ગેરહાજરીમાં નોકર શેઠ વતી વહીવટ કરે પણ શેઠ હાજર થાય પછી શેઠે જ નોકરને આજ્ઞાઓ કરવાની રહી, માટે હવે આપે જ બધું સંભાળવું રહ્યું !'

પર્વતભાઈના આવા વાક્યો અને આવું વર્તન જોઈ-ભક્તોને પર્વતભાઈના મહારાજે કરેલા વખાણ યથાયોગ્ય જ લાગ્યા.

**(૮) ડોસાભાઈ**

મહારાજના પરમ ભક્ત ડોસાભાઈ ગોંડલ પાસેના બંધિયા ગામના વાણિયા હતા.

તેઓ પણ અગતરાઈના પર્વતભાઈની જેમજ પોતાની જાતને શ્રીહરિના નોકર કે મુનીમ જ માનતા.

પણ ગામ લોકો એમને દંભી જ માનતા.

એકવાર બંધિયા ગામના દ્વારકાથી પાછા ફરતા યાત્રાળુ ગઢડા આવ્યા ત્યારે શ્રીહરિએ ડોસાભાઈના ખબર અંતર પૂછી ડોસાભાઈના વખાણ કર્યા.

આ વખાણ સાંભળી બંધિયા ગામવાળાઓએ શ્રીહરિને કહ્યું કે : 'ડોસો આપનો ભક્ત છે એટલે આપ એના આટલા વખાણ કરો છો પણ આપનો એ ભક્ત ડોસો પણ અમારા જેવો જ સંસારની માયામાં ચોટલી લગી ડૂબેલો જીવ છે.'

આ સાંભળી શ્રીજીએ તેઓ સાથે ડોસાભાઈ પર સમાચાર મળતાં તરત જ આવો એવી ચિઠ્ઠી લખી. બંધિયાવાળાઓએ તે ચિઠ્ઠી ડોસાભાઈને આપી ત્યારે તે ગોળ જોખતા હતા.

મહારાજની ચિઠ્ઠીમાં મહારાજની આજ્ઞા વાંચતા જ ડોસાભાઈ પહેર્યે લૂગડે જ દુકાન, ધંધા-રોજગાર-કુંળકુટુંબ સગા-વહાલા કોઈની પણ કોઈને ભલામણ કર્યા વિના પરબારા હાલતા જ થયા અને સંસારી જીવો આ જોઈ ભોંઠા પડ્યા.

**(૯) ચીભડાવાળો છોકરો**

એક છોકરો હતો. જેણે પોતાની વાડીમાં ચીભડા વાવી તે ચીભડા

પ્રથમ શ્રીજી મહારાજને જ ધરવાનું નીમ લીધું હતું.

ચીભડા પાક્યા ત્યારે તે ચીભડાની ઝોળી ભરી મહારાજને ધરવા વડતાલની વાટે વહેતો થયો.

વાટમાં સોડમદાર પાકા - ચીભડા ખાવાની લાલચ તો થઈ પણ નીમ યાદ આવતા મન પર સંયમ રાખી ચીભડા ન ચાખ્યા અને વડતાલ જઈ મહારાજને ધર્યા.

મહારાજે તેને આવતો જોઈ : 'લાવ્યો મારા ચીભડાં ! કહી આવકાર્યો, અને શ્રીહરિએ સ્વહસ્તે જ તે ચીભડાની પ્રથમ ચીરી તે છોકરાને ખવરાવી. પછી પોતે આરોગ્યા અને સંતો હરિભક્તોને જમાડ્યા.

**(૧૦) રામબાઈ**

રામબાઈ કઠલાલ ગામના વૃદ્ધ બ્રાહ્મણ ડોસીમા હતા અને મહારાજના પરમ ભક્ત હતા.

એકવાર તેઓ કૂવે પાણી ભરવા ગયા ત્યાં તેમણે જાણ્યું કે : 'મહારાજ અહીંથી હમણાં  જ ગયા !'

તરત જ માથાપર જળભર્યું માટલું લઈ દોડતા મહારાજના ચરણોમાં જઈ કાકલુદી કરી કે : મહારાજ ! આમ મને ટાળીને બારોબાર કાં ?'

મહારાજ કહે : ''મા ! અમારે મોડું થાતું હતું એટલે !'' રામબાઈ કહે : ''તો લ્યો આ માટલાનું જળપાન કરો.''

શ્રીજીએ માટલાનું પાણી પીધું. એટલે રામબાઈ બોલ્યા કે : ''હવે આ પાણી પ્રસાદીનું પાણી થયું ગણાય. આ પાણી હવે હું કૂવામાં રેડીશ.તેને પીવાથી ગામ આખું સત્સંગી થશે. પછી કેવાક કઠલાલાને ટાળીને જાવ છો તે જોઉ છું.''

આ પ્રસંગ પહેલા કઠલાલમાં રામબાઈ વગર કોઈ સત્સંગી હરિભક્ત નહોતું.

**(૧૧) દાદાખાચર**

દાદાખાચર ગઢડા ગામના ગામધણી - સૂર્ય પુત્ર કાઠી દરબાર રાજવી હતા. તેઓએ પોતાનું સમસ્ત અસ્તિત્વ શ્રીજી મહારાજને ચરણે ધરી દીધું હતું.

દાદાખાચર રાજા હોવા છતાં એક મામૂલી ચાકરની જેમ શ્રીહરિની સેવામાં ખડે પગે તત્પર રહેતા.



આથી શ્રીજી મહારાજ દાદાખાચરના બહુજ વખાણ કર્યા કરતા. તેથી દાદાખાચરના અન્ય કાઠી ભાયાત હરિભક્તો મહારાજને આપ પક્ષપાતી છો ! તેમ કહ્યા કરતા.

તેથી શ્રીજી મહારાજે અન્ય ભાયાતોને યાત્રાળુઓ માટે ધર્મશાળા બંધાવવા કહ્યું તો તેઓ સૌએ તિરસ્કાર ભરી અનિચ્છા દર્શાવી. જ્યારે મહારાજની તે જ આજ્ઞા દાદાખાચરે ''પોતે સાધુઓ સાથે રહેશે અને ઘરવાળા સાંખ્યયોગી બાઈઓ સાથે રહેશે. કહી પોતાના રજવાડી મકાનો મહારાજની આજ્ઞા અનુસાર ધર્મશાળા બનાવવા શ્રીહરિ ચરણે ભેટ ધરવા તત્પરતા બતાવી.''

આ સાંભળી ભાયાતો ભોંઠા પડ્યા. તેથી જ તો ગવાયું છે કે : ''દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઊઠીને.....''

**(૧૨) તીતો ભગત**

ઉત્તર ગુજરાતના નારદીપુર ગામના ત્રિભોવન ભગતને સૌ તીતો ભગત પણ કહેતા.

તીતો ભગત હાલતા-ચાલતા બધેજ કીર્તન ગાયા કરતા.

એકવાર હોળીના તોફાની ઘેરૈયાઓએ તીતા ભગતને રંગથી રંગી, ગધેડે બેસાડી ગળામાં રીંગણાનો હાર પહેરાવી ગામ આખામાં હુરીયો બોલાવતા ફેરવ્યા.

પણ તીતો ભગતતો આ સ્થિતિમાં પણ શ્રીહરિના કીર્તનો જ ગાયા કરે. તીતા ભગતની પત્નિ પોતાના પતિની આવી હાલત જોઈ રોઈ પડ્યા. ત્યારે તીતા ભગતે કહ્યું - ''એ લોકોએ મારું અપમાન કર્યું જ નથી. શ્રીહરિએ કહ્યું છે કે હાથીએ બેસાડે તો હાથીએ બેસી રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસી રાજી રહેવું. માટે તે તો હાથી જ હતો અને મને હાથીએ બેસાડી મારા મોઢે શ્રીહરિના કીર્તનો સાંભળ્યા. કેટલા સારા હતા એ લોકો ! અને ભેટમાં આપ્યા આ તાજા-તાજા રીંગણા, ચાર પાંચદિ' શાક થાય તેટલા..... લે ! ધોઈને રાંધજે !

ગમે તેવી સ્થિતિમાં પણ શ્રીહરિનું સ્મરણ ન જ મૂકવું, ન જ ચૂકવું તે સાર છે તીતા ભગતના દ્રષ્ટાંતનો !

### (૧૩) કાલીદત્ત

કાલીદત્તએ છપૈયા ગામનો બ્રાહ્મણ હતો. તે અસુર જેવા સ્વભાવનો હોઈ તેને શ્રી ઘનશ્યામ નહોતા ગમતા તેથી તે હંમેશા ઘનશ્યામને મારી નાખવાની દુષ્ટ યોજનાઓ જ કર્યા કરતો.

કાલીદત્ત પાસે ઘણી મેલી વિદ્યારૂપે આસુરીશક્તિઓ હતી જેઓ કૃત્યાઓ નામે ઓળખાતી. આ બધી કૃત્યાઓમાં સૌથી ભયંકર કૃત્યા કોટરા નામની કૃત્યા હતી. આ કોટરા એકવાર કાલીદત્તની મોકલી મા ભક્તિમાતાના ખોળામાંથી બાળ ઘનશ્યામને ઉપાડીને અલોપ થઈ ગઈ.

મા ભક્તિમાતા આકુળ વ્યાકુળ થઈ રૂદન કરવા લાગ્યા, પણ કોટરા પાસેથી બાળ ઘનશ્યામને સહી સલામત રીતે છીનવી. કોટરાને બરાબરનો મેથીપાક ચખાડી હનુમાનજીએ તગડી મૂકી અને બાળ ઘનશ્યામને સુરક્ષિતરૂપે મા ભક્તિમાતા અને પિતા ધર્મદેવને સોંપ્યા.

વળી પાછો કાલીદત્ત ઘનશ્યામને મારવાના પેંતરા કરવા માંડ્યો. પણ ન ફાવ્યો. છેવટે તેની પોતાની જ રચેલી આસુરી માયાનો શિકાર થઈ. ઘનશ્યામને મારવા જતા એક ઝાડ નીચે ચગદાઈને ભૂંડા મોતે મર્યો.

●

## પ્રશ્ન ૬ યોગ્ય જોડકા જોડો.

(૧)

| અ | બ |
|---|---|
| ૧. નમો નમો પ્યારા ઘનશ્યામ ! | ૧. જય જય સ્વામિનારાયણ |
| ૨. બહાદુર એક હતો કોળી | ૨. તેમાં વાદીનો વાંક શો ભાઈ |
| ૩. શિક્ષાપત્રી કેરૂં હું તો રોજ કરૂં છું પારાયણ | ૩. દિલમાં દેશ દર્શન ત્યારે |
| ૪. ગયા તેને સ્વભાવે તણાઈ | ૪. મને વહાલુ તમારું નામ |
| ૫. સ્નેહે સંભારશે જન જ્યારે | ૫. ધરતી એણે ધમરોળી |

જ (૧-૪), (૨-૫), (૩-૧), (૪-૨), (૫-૩)

(૨)

| અ | બ |
|---|---|
| ૧. કુળ તજી નિષ્કુળ થયા તે | ૧. બ્રહ્માનંદ ! |
| ૨. ભાટ મટી ભક્ત થયા તે | ૨. દાદા ખાચર ! |
| ૩. યુક્ત મટી મુક્ત થયા તે | ૩ જોબન વડતાલો ! |
| ૪. રાજા મટી સેવક થયા તે | ૪. નિષ્કુળાનંદ ! |
| ૫. ચોર મટી દાતાર થયા તે | ૫. મુક્તાનંદ ! |

જ (૧-૪), (૨-૧), (૩-૫), (૪-૨), (૫-૩)



(૩)

| અ | બ |
|---|---|
| ૧. પહેલા મહેમાન | ૧. ભક્તિનું પગલું પાડો |
| ૨. બીજા મહેમાન | ૨. પતિવ્રતાનું પગલું પાડો |
| ૩. ત્રીજા મહેમાન | ૩. મહિમાનું પગલું પાડો |
| ૪. ચોથા મહેમાન | ૪. ધર્મનું પગલું પાડો |
| ૫. પાંચમા મહેમાન | ૫ શૂરવીરતાનું પગલું પાડો |

જ (૧-૪), (૨-૧), (૩-૫), (૪-૨), (૫-૩)

(૪)

| અ | બ |
|---|---|
| ૧. રોજ સુરજ ઉગ્યા પહેલા | ૧. નિશાળના પાઠ વાંચવા |
| ૨. નાહી-ધોઈ પૂજા કરી | ૨. ભણવું અને રમવું |
| ૩. મા-બાપને પગે લાગી | ૩. સૌને રાજી રાખવા |
| ૪. લખી, ચીતરી સમયસર નિશાળે જઈ.... | ૪. જાગીને ભગવાનનું નામ લેવું |
| ૫. રમી, ભણી રાજી રહી | ૫. ભગવાનને પગે લાગવું. |

જ (૧-૪), (૨-૫), (૩-૧), (૪-૨), (૫-૩)

(૫)

| અ | બ |
|---|---|
| ૧. સોમવારે | ૧. મેં શરણું લીધું |
| ૨. મંગળવારે | ૨. મેં માળા લીધી |
| ૩. બુધવારે | ૩. મેં શ્રીજીના દર્શન કર્યા |
| ૪. ગુરૂવારે | ૪. મેં મંત્ર લીધો |
| ૫. શુક્રવારે | ૫. મેં સંતને જોયા |
| ૬. શનિવારે | ૬. મેં બોધ લીધો |
| ૭. રવિવારે | ૭. હું સંતને મળ્યો |

જ (૧-૫), (૨-૭), (૩-૬), (૪-૪), (૫-૨), (૬-૧), (૭-૩)

(૬)

| અ | બ |
|---|---|
| ૧. જે સહજમાં છે માયામાં નથી | ૧. પ્રેમાનંદ સ્વામી |
| ૨. જે ગોવાળમાં છે ગોપીઓમાં નથી | ૨. શતાનંદ સ્વામી |
| ૩. પોપટમાં છે પણ પંખીમાં નથી | ૩. નિત્યાનંદ સ્વામી |
| ૪. સ્નેહમાં છે પણ રસમાં નથી | ૪. ગોપાલાનંદ સ્વામી |
| ૫. સૈકામાં છે પણ હજારમાં નથી | ૫. શુકાનંદ સ્વામી |
| ૬. નિત્યમાં છે પણ આજમાં નથી | ૬. શ્રી સહજાનંદ સ્વામી |

જ (૧-૬), (૨-૪), (૩-૫), (૪-૧), (૫-૨), (૬-૩)

| (૭) | અ | | બ |
|---|---|---|---|
| ૧. | કાલીદત્ત | ૧. | સ્વામી મહાનુભાવાનંદ |
| ૨. | કોટરા | ૨. | ઘનશ્યામની વહાલી ગાય |
| ૩. | માર્કન્ડેય ઋષિ | ૩. | કાલીદત્તનો સાથી |
| ૪. | ગોમતી | ૪. | કાલીદત્તની મુખ્ય કૃત્યા |
| ૫. | કૌશીદત્ત | ૫. | બ્રાહ્મણ અસુર |

જ (૧-૫), (૨-૪), (૩-૧), (૪-૨), (૫-૩)

●

## પ્રશ્ન ૭ માગ્યા પ્રમાણે જવાબ આપો

### (૧) કઠીન શબ્દાર્થ

- કોલ = વચન, ખાતરી
- પ્રશંસા = વખાણ
- પરવા = ચિન્તા, ખેવના
- ફલાણું = અમુક
- નિષ્કુળ = કુળ વગરના
- બ્રહ્માનંદ = બ્રહ્મમય આનંદ
- દાતાર = દાન કરનાર
- ઉત્સવ = તહેવાર
- આજ્ઞા = હુકમ, આદેશ
- વટ = આબરૂ
- સ્પષ્ટ = ચોખ્ખું
- શૂરવીર = બહાદુર
- સલાહ = શિખામણ
- ધાન = અનાજ
- શ્રમ = મહેનત - મજૂરી
- રાફડો = નાગનું દર
- આળસુડા = આળસુ
- બાલ સખા = બચપણના મિત્ર
- આવકાર = સ્વાગત કરવું તે
- હોંશ = ઝંખના
- સરભરા = સાર-સંભાળ
- મનોમન = મનમાં ને મનમાં
- તૂટો = અછત, ઊણપ
- ઉમદા = બહુ જ સરસ
- વિલંબ = વાર - ઢીલ
- સહજાનંદ = જન્મજાત આનંદ
- પાકી દોસ્તી = સાચી મિત્રતા
- કૂડ = છળ - કપટ

### (૨) જોડણી સુધારો

- ચિઠ્ઠી - ચીઠ્ઠી
- અંગુઠી - અંગૂઠી
- સીપાઈ - સિપાઈ
- સૂરજ - સૂરજ
- નિલકંઠ - નીલકંઠ
- હરિભકત - હરિ ભક્ત
- શાંખ્યયોગી - સાંખ્ય યોગી
- બદરીકા શ્રમ - બદ્રિકાશ્રમ



- વૃદ્ધ - વૃદ્ધ
- સ્વામિ - સ્વામી
- કિર્તન - કીર્તન
- સુંઢ - સૂંઢ
- કૃત્યા - કૃત્યા
- ઢોલીયો - ઢોલિયો
- બીમાર - બિમાર
- ગુટકો - ગુટકો
- રૂપીયો - રૂપિયો
- મજુરી - મજૂરી
- હરી નવમી - હરિનવમી
- સેવા-પુજા - સેવા-પૂજા
- કીલ્લોલ - કિલ્લોલ
- આશીર્વાદ - આશીર્વાદ
- કૌષી દત્ત - કૌશીદત્ત
- શ્રી સહજાનંદ સ્વામિ - શ્રી સહજાનંદ સ્વામી
- સ્વામીનારાયણ - સ્વામિનારાયણ
- રામજન્મભૂમી - રામજન્મભૂમિ
- સત્સંગીભુષણ - સત્સંગી ભૂષણ

### (૩) વિરૂદ્ધાર્થી શબ્દો

- સારૂં - ખરાબ
- ડહાપણ - ગાંડપણ
- દોસ્તી - દુશ્મની
- વજનદાર - હલકું
- બહાદુર - ડરપોક
- માંદો - સાજો
- આબરૂ - બેઆબરૂ
- ઊંચી - નીચી
- પવિત્ર - અપવિત્ર
- વખાણ - નિંદા
- પ્રિય - અપ્રિય
- સૂરજ - ચંદ્ર
- ઉતાવળે - હળવે-હળવે
- શ્રદ્ધા - વહેમ
- મોટેરા - નાનેરા
- દુબળા - સબળ
- ગોપ - ગોપી
- આંધળું - દેખતું
- અન્ન - જળ
- સ્વધર્મી - પરધર્મી
- ભૂખ્યું - ધરાયેલું
- ઊનાળો - શિયાળો
- નાનું - મોટું
- ઉત્તર - દક્ષિણ
- કીમતી - સસ્તું
- સફળ - નિષ્ફળ
- વૃદ્ધ - જુવાન

### (૪) સમાનાર્થી શબ્દો

- કાદવ - ગારો
- કીમતી - અમૂલ્ય
- ચરણ - પગ
- પુચ્છ - પૂંછડું
- આનંદ - ખુશી
- મસ્તક - માથું

● સર્પ - સાપ
● ઘરાક - ગ્રાહક
● માંદો - બિમાર
● ગરીબ - રંક
● પુત્રો - દીકરાઓ
● ધરતી - પૃથ્વી
● પ્રણામ - વંદના
● મનુષ્ય - માનવ
● સુવર્ણ - સોનુ
● મદિરા - દારૂ
● કાળ - મૃત્યુ
● જગત - વિશ્વ
● શ્રીમંત - ધનિક
● અગ્નિ - આગ
● વૃક્ષ - ઝાડ
● મર્કટ - માંકડું
● અત્યંત - બહુજ
● પર્ણકુટિ - ઝૂંપડી
● બહારગામ - પરગામ
● આશીર્વાદ - આશિષ
● અંતર્ધ્યાન - અલોપ

**(૫) શબ્દમાં ખૂટતા અક્ષરોની ખાલી જગ્યા પૂરો.**

● રામાયણ- રા___યણ
● મહિનો - મ___નો
● ઘનશ્યામ - ___ન___મ
● પિતાજી - પિ___જી
● હલવાઈ - હ___વાઈ
● ચીભડાં - ચી___ડાં
● હનુમાન - ___નુ___ન
● ગોમતી - ગો___તી
● ભમરડો - ___મરડો
● જનોઈ - જ___ઈ
● તરવૈયા - તર___યા
● સુરદાસો- ___રદાસો
● દયાળુ - દ___ળુ
● છપૈયા - છ___યા
● ભાગવત - ભા___વત
● ગૃહત્યાગ - ___હત્યા___
● સુવાસિની - ___વાસિની
● વચનામૃત - ___ચનામૃત
● જેતલપુર - જે___લપુર
● ગઢડા - ગ___ડા
● નારદ - ના___દ
● બહાદુર - ___હાદુર
● ઓટલી - ઓ___લી
● પર્વતભાઈ - પ___તભાઈ
● શિક્ષાપત્રી - શિક્ષા___ત્રી
● રામબાઈ - રા___બાઈ
● લાડુબા - લા___બા



**પ્રશ્ન ૮ આડા અવળા શબ્દોને સાચી રીતે ગોઠવી વાક્ય રચના બનાવો.**

૧. પ્યારા નમો ઘનશ્યામ નમો !
જ. નમો નમો પ્યારા ઘનશ્યામ !
૨. તે મા મહારાજના સૌના જે મા.
જ. જે મહારાજના મા તે સૌના મા !
૩. મંદિર ગામમાં હતું બંધાતું ગઢડા
જ. ગઢડા ગામમાં મંદિર બંધાતુ હતું.
૪. મહારાજ પ્રસન્ન જોઈ સૌને કામ કરતા થઈ ગયા.
જ. મહારાજ સૌને કામ કરતા જોઈ પ્રસન્ન થઈ ગયા.
૫. જપવા ગયો બેસી ભગવાનનું વાલિયો નામ ત્યાં જ.
જ. વાલિયો ત્યાં જ ભગવાનનું નામ જપવા બેસી ગયો.
૬. નહિ જ્યાં ત્યાં મહારાજ વહેમ
જ. જ્યાં વહેમ ત્યાં મહારાજ નહિ.
૭. સાંભળી મહારાજ શાન્તિથી રહ્યા હતા.
જ. મહારાજ શાન્તિથી સાંભળી રહ્યા હતા.
૮. ચડી વર ઘોડે પરણવા જાય.
જ. વરઘોડે ચડી પરણવા જાય.
૯. મહારાજની સાથે ઘોડે સવાર ભક્તો કાઠી થઈને ચાલ્યા.
જ. કાઠી ભક્તો ઘોડેસવાર થઈને મહારાજની સાથે ચાલ્યા.
૧૦. ગોળ વખતે ડોસાભાઈ તે જોખતા હતા.
જ. તે વખતે ડોસાભાઈ ગોળ જોખતા હતા.
૧૧. વડતાલ છોકરો લઈને ચીભડા આવ્યો.
જ. છોકરો ચીભડા લઈને વડતાલ આવ્યો.
૧૨. ઘોડે સવાર હરિભક્તો હતા અને સાથે ઘણા મહારાજ હતા.
જ. મહારાજ ઘોડે સવાર હતા અને સાથે ઘણા હરિભક્તો હતા.
૧૩. સ્વામીએ ભોજન થઈ પ્રસન્ન કર્યું.
જ. સ્વામીએ પ્રસન્ન થઈ ભોજન કર્યું.

૧૪. દિવસ મહારાજ અહીં પંદર રહ્યા.
જ. મહારાજ અહીં પંદર દિવસ રહ્યા.
૧૫. એકવાર કચ્છના એકભક્તને નામે પધાર્યા ત્યાં મહારાજ આધોઈ ગામમાં હતા.
જ. એકવાર મહારાજ કચ્છના આધોઈનામે ગામમાં એક ભક્તને ત્યાં પધાર્યા હતા.
૧૬. સુવર્ણના અન્નનું દાન પણ દાન ચડિયાતું છે.
જ. સુવર્ણના દાન કરતા પણ અન્નનું દાન ચડિયાતું છે.
૧૭. ઊનાળાનો હતો સૂરજ દિવસ તપતો હતો.
જ. ઉનાળાનો દિવસ હતો, સૂરજ તપતો હતો.
૧૮. બધા નામપણ ત્રિભોવન ભગત અને તીતો કહેતા.
જ. નામ ત્રિભોવન, પણ બધા એને તીતો ભગત કહેતા.
૧૯. લોયા વખતે મહારાજ તે ગામમાં હતા.
જ. તે વખતે મહારાજ લોયા ગામમાં હતા.
૨૦. સ્વામિનારાયણ હસ્તે કોઈ માલ લાવે તો ચોપડામાં ગોરધનભાઈ લખે.
જ. કોઈ માલ લાવે તો ગોરધનભાઈ ચોપડામાં લખે-હસ્તે સ્વામિનારાયણ !
૨૧. ધરતી વધે તો ધરતી પાપ પર દુઃખી થાય.
જ. ધરતી પર પાપવધે તો ધરતી દુઃખી થાય.
૨૨. ધર્મદેવના જન્મના છઠ્ઠા ભગવાનના ઘરમાં દિવસે આ કૃત્યાઓ ઘુસી ગઈ.
જ. ભગવાનના જન્મના છઠ્ઠા દિવસે આ કૃત્યાઓ ધર્મદેવના ઘરમાં ઘૂસી ગઈ.
૨૩. ત્યાં ધર્મદેવને માર્કન્ડેય ઋષિ તીર્થયાત્રાએ એવામાં નીકળેલા પધાર્યા.
જ. એવામાં તીર્થયાત્રાએ નીકળેલા માર્કન્ડેય ઋષિ ધર્મદેવને ત્યાં પધાર્યા.
૨૪. કોઈ રીતે કાલીદત્તને નાશ ઘનશ્યામનો બાળ કરવો હતો.
જ. કાલીદત્તને કોઈ રીતે બાળ ઘનશ્યામનો નાશ કરવો હતો.

●



**પ્રશ્ન ૯ કૌંસમાંથી યોગ્ય શબ્દ લઈ ખાલી જગ્યા પુરો.**

૧. દુર્વાસા મુનિના શાપથી જ શ્રી .................... ભગવાન ધર્મ-ભક્તિના પુત્રરૂપે પ્રગટ થયા. (સ્વામિનારાયણ / **નરનારાયણ**)
૨. રામનવમીને .................... પણ કહે છે. (નૈવેદ્યનવમી / **હરિનવમી**)
૩. કાલીદત્ત હતો તો બ્રાહ્મણ પણ એના કર્મો .................... ના હતા. (દુષ્ટ / **અસુર** / ચાંડાલ)
૪. કોટરા ....................ની મુખ્ય કૃત્યા હતી. (**કાલીદત્ત** / કૌશીદત્ત)
૫. માર્કન્ડેય ઋષિએ કહ્યું : 'ધર્મદેવજી ! તમારા દીકરાનો જય જયકાર જોવા હું ................... નહીં હોઉ એ વિચારે મારી આંખોમાં આંસુ આવે છે. (દેખતો / **જીવતો** / અહિંયા)
૬. ધર્મદેવે પાટલા પર છરી, મહોર અને .................... નો ગ્રંથ એમ ત્રણ વસ્તુઓ મૂકી. (વચનામૃત / **ભગવદ્ગીતા** / શિક્ષાપત્રી)
૭. કાલીદત્તને કોઈ પણ રીતે બાળ ઘનશ્યામનો .................... કરવો હતો. (જય જયકાર / **નાશ** / વિશ્વાસ)
૮. ભગવાન મનુષ્ય થઈને અવતરે, ત્યારે .................... જેવા જ લાગે. (ભગવાન / **મનુષ્ય** / દેવ)
૯. ઘનશ્યામે હળવેથી એક .................... આપ્યો ત્યાં તો એ સાંકળ ના અગિયાર ટૂકડા થઈ ગયા. (ધક્કો / **આંચકો** / ટેકો)
૧૦. .................... તલાવડીને કાંઠે ઘનશ્યામને જમણી સાથળમાં ઈજા થતા ખૂબ લોહી નીકળ્યું. (ચંદન / **ખાંપા** / શ્રવણ)
૧૧. ઘનશ્યામના એકજ .................... થી રખેવાળનો હાથ ભાંગી ગયો. (મુક્કા / **આંચકા** / ધોકા)
૧૨. મોટાભાઈએ કહ્યું : .................... તો ક્યારેનો ઘેર આવી ગયો. (હું / **ઘનશ્યામ**)
૧૩. ધર્મદેવે ઘનશ્યામના માથે હાથ મૂકી .................... આપ્યા. (રૂપિયા / **આશીર્વાદ** / લાડુ)
૧૪. ભક્તિ માતાએ ઘનશ્યામને શોધવા રામપ્રતાપભાઈને ............. (કહ્યું / **મોકલ્યા** / વિનવ્યા)

૧૫. .................... ના ઘરમાં ગોમતી કરીને એક ગાય હતી.
(**ધર્મદેવ** / દાદાખાચર)

૧૬. ઘનશ્યામ .................... માટે ભાભીથી રીસાયા હતા.
(દૂધ / **ભમરડા** / મીઠાઈ)

૧૭. ઘનશ્યામ આઠ વર્ષના થયા ત્યારે તેમને .................... દેવામાં આવી. (જ્ઞાન / **જનોઈ** / ચીભડું)

૧૮. એકવાર .................... કાંઠે ઝાડ પર રમતા ઘનશ્યામને હોઠ પર વાગ્યું. (સરયૂ / **તળાવ** / કૂવા)

૧૯. બાળ ઘનશ્યામે .................... ના નાકની વાળી કૂવામાં ડૂબકી મારી શોધી આપી. (સુંદરી મામી / **ચંદામામી**)

૨૦. ઘનશ્યામે .................... ને કિનારે સુરદાસોને દેખતા કર્યા હતા.
(ખાંપા તલાવડી / **શ્રવણ તલાવડી**)

૨૧. મંછારામે વીણેલી કેરીઓ .................... થઈ ગઈ.
(અલોપ / **જાંબુડા** / ચીભડા)

૨૨. રામપ્રતાપભાઈ .................... હતા.
(બહાદુર / **મહામલ્લ** / દયાળુ)

૨૩. આળસુ બાવાનું નામ .................... હતું.
(તીતો ભગત / **શીતલદાસ** / મગનીરામ)

૨૪. .................... બાવાઓને ઘનશ્યામે સાચી શિખાણ આપી.
(સાધુ / **જુગારી** / નાગા)

૨૫. ભક્તિમાતાને બાળ ઘનશ્યામે .................... અવસ્થામાં જ અક્ષરધામના અધિપતિ સ્વરૂપે દર્શન આપ્યા.
(છેલ્લી / નિદ્રા / **સમાધિ**)

૨૬. ધર્મદેવને દેહત્યાગ વેળાએ ભગવાનના તમામ .................... નું પ્રત્યક્ષ દર્શન થયું. (સ્વરૂપો / **અવતારો** / ધામો)

૨૭. ગૃહત્યાગ કરતા ઘનશ્યામને.................... પાછળથી છાનામાના આવી સરયૂ ગંગામાં ધક્કો માર્યો. (કાલીદત્તે / **કૌશીદતે**)

૨૮. સુવાસિની ભાભી .................... થી પાગલ જેવા થઈ ગયા.
(આઘાત / **શોક** / ચિન્તા)



૨૯. સ્નેહે સંભારશે જન જ્યારે, દિલમાં દઈશ .................... ત્યારે.
(**દર્શન** / આસન)

૩૦. નમોનમો પ્યારા ઘનશ્યામ ! મને તમારું .................... નામ.
(ગમતું / **વહાલું** / પ્યારૂં)

૩૧. કુળ તજી .................... થયા. (ધર્મકુળ / **નિષ્કુળ** / નકુળ)

૩૨. શ્રીજી કેરા દર્શન રૂડાં પામ્યો ....................
(શુક્રવારે / **રવિવારે** / સોમવારે)

૩૩. .................... જાય વારી, આશા મને એક તારી.
(શતાનંદ / **બ્રહ્માનંદ** / મુક્તાનંદ)

૩૪. જેતલપુરમાં આજે પણ ગંગા મા પૂજતા તે .................... ની મૂર્તિ છે. (રેવતિ - બળદેવ / **રાધાકૃષ્ણ** / ગોપીનાથ)

૩૫. છોકરાઓ હોળીના નામે .................... બોલતા શીખે.
(**ગાળો** / શ્લોકો / સાચું)

૩૬. સૌને કામ કરતા જોઈ .................... થઈ ગયા.
(ગુસ્સે / **પ્રસન્ન** / દુઃખી)

૩૭. જ્યાં .................... ત્યાં મહારાજ નહિ. (પ્રેમ / **વહેમ** / રહેમ)

૩૮. પટેલ અદાભાઈને ઘોડું લઈ જવા .................... આપ્યા.
(વાયદા / રૂપિયા / **ખબર**)

૩૯. મંદિરના .................... માં સત્સંગની ઓટલી ઊંચી અટૂલી અમે બાંધી જીરે. (માર્ગ / **ચોક** / ગોખ)

૪૦. શેઠના નાના દીકરાનું નામ .................... હતું.
(**ધીરજ** / સૂરજ / નીરજ)

૪૧. .................... માં રાધાવિવાહ અને રૂક્ષ્મણી વિવાહના પદો ગવાતા થયા. (યજ્ઞ / **લગ્ન**)

૪૨. અગતરાઈમાં પર્વતભાઈ નામે એક .................... રહેતા હતા.
(શેઠ / મુનીમ / **ખેડૂત**)

૪૩. .................... તે વખતે ગોળ જોખતા હતા.
(પર્વતભાઈ / ગોરધનભાઈ / **ડોસાભાઈ**)

૪૪. છોકરો ચીભડાં લઈને .................... આવ્યો.
(કઠલાલ / **વડતાલ** / ગઢડા)

૪૫. કઠલાલ ગામમાં .................... નામે વૃદ્ધ બ્રાહ્મણી રહેતી હતી.
(ગંગાભાઈ / **રામબાઈ**)

૪૬. નિષ્કુળાનંદ સ્વામી .................... નો અવતાર હતા.
(મહાત્મા / ભગવાન / **વૈરાગ્ય**)

૪૭. દાદાખાચર ગઢડાના .................... હતા. (શેઠ / **ગામધણી**)

૪૮. એકવાર સભામાં .................... સ્વામીને જરી ઝોકું આવી ગયું.
(સહજાનંદ / **મુક્તાનંદ** / બ્રહ્માનંદ)

૪૯. મહારાજે .................... ને પોતાના હાથે પીરસ્યું ને જમાડ્યા.
(સત્સંગીઓ / સંતો / **મજૂરો**)

૫૦. શ્રીજી મહારાજ નાનપણથી જ .................... ના રસીયા હતા.
(મીઠાઈ / **મલ્લકુસ્તી** / દૂધ)

૫૧. ભૂખ્યા દુખ્યાની એકજ .................... હોય છે.
(ભાત / **નાત** / જાત)

૫૨. ગરીબ હોય તેના પર ભગવાન પ્રસન્ન ન થાય એમ ....................
(માનવું / **નથી** / કહો)

૫૩. .................... અને લાડુબા દાદાખાચરના બહેનો હતા.
(મોંઘીબા / **જીવુબા**)

૫૪. હોળીના તોફાની ઘેરૈયાઓએ તીતાભગતને .................... પર બેસાડી દીધા. (હાથી / **ગધેડા** / ઘોડા)

૫૫. મહારાજે સભાને કહ્યું : '.................... કરો, ભગત આવે છે !'
(વિશ્વાસ / **રસ્તો** / વંદન)

૫૬. એક .................... હતો નદી તીર, નદીમાં પુર આવેલું નીર.
(મદારી / **વાદી** / જાદુગર)

૫૭. ગોરધનભાઈ કહે : સ્વામિનારાયણ એ જ .................... નામઠામ છે. (એક / **સાચું** / મોટું)

૫૮. ડોશીનો છોકરો .................... થઈ ગયો.(મોટો / ગાંડો / **સાજો**)

●



## પ્રશ્ન ૧૦ નીચેના કીર્તનો મુખપાઠ કરો.

### (૧) પ્રાર્થના

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકળ મંગળ શાંતિ દાતા.
માટે તમારું કરૂણાનિધિ સત્યનામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ।।ટેક।।
અજ્ઞાન પાશ કરૂણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો.
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂં હું પ્રણામ ।।૧।।
જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમ બ્રહ્માંડ કોટી ફરે.
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષર ધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ।।૨।।
આવી અક્ષરધામથી અવનિમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દીલે ધરીને દયા.
કીધાં ચારૂ ચરિત્ર ગાન કરવા જેણે કરૂણા કરી,
વંદુ મંગલ મૂરતી ઉર ધરી સર્વોપરિ શ્રીહરિ ।।૩।।
જન્મ્યા કોશલ દેશ વેશ બટુનો લઈ તીર્થ માંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા.
મોટાંધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિ તણી સંક્ષેપમાં ઉચ્ચરી ।।૪।।
ત્વેમ માતા ચ પિતા ત્વમેવ, ત્વેમ બંધુશ્ચ સખા ત્વમેવ,
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ. ।।૫।।
નિજાશ્રિતાનાં સકલાર્તિહંતા, સધર્મભક્તે રવનં વિધાતા,
દાદા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોત કૃષ્ણોઅખિલ મંગલ નઃ ।।૬।।

**(૨) ધુન**

રામકૃષ્ણ ગોવિન્દ જય જય ગોવિન્દ ।
હરે રામ ગોવિન્દ જય જય ગોવિન્દ ।।ટેક।।
નારાયણ ! હરે ! શ્રીમન્નારાયણ હરે ।
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે ।।૧।।
કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે ।
જય જય કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે ।।૨।।
વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે ।
જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે ।।૩।।
વાસુદેવ ગોવિન્દ, જય જય વાસુદેવ ગોવિન્દ ।
જય જય વાસુદેવ ગોવિન્દ, જય જય વાસુદેવ ગોવિન્દ ।।૪।।
રાધે ગોવિન્દ, જય રાધેગોવિન્દ ।
વૃન્દાવનચંન્દ, જય રાધેગોવિન્દ ।।૫।।
માધવ મુકુન્દ, જય માધવ મુકુન્દ ।
આનંદકંદ, જય માધવ મુકુન્દ ।।૬।।
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ ! સ્વામિનારાયણ !
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ ! સ્વામિનારાયણ !

**(૩) આરતી**

જય સદ્‌ગુરુ સ્વામી જય સદ્‌ગુરુ સ્વામી
સહજાનંદ દયાળુ, (૨) બળવંત બહુનામી.. પ્રભુ જય૦ ૧
ચરણસરોજ તમારા વંદુ કર જોડી;
ચરણે શિશ ધર્યાથી, (૨) દુઃખ નાખ્યાં તોડી.. પ્રભુ જય૦ ૨
નારાયણ નરભ્રાતા દ્વિજકુળ તનુધારી;
પામર પતિત ઉદ્ધાર્યા, (૨) અગણિત નરનારી.. પ્રભુ જય૦ ૩
નિત્ય નિત્ય નૌત્તમ લીલા, કરતા અવિનાશી
અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી.. પ્રભુ જય૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે
કાળ કરમથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે.. પ્રભુ જય૦ ૫
આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિદ્ધિ.. પ્રભુ જય૦ ૬



**(૪) થાળ**

જમો થાળ જીવન જાઉ વારી, ધોઉ કર ચરણ કરો ત્યારી. ટેક૦
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી,
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો... ૧
કરી કાઠા ઘઉ તણી પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી, જમો... ૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલ પુઆ કઢી,
પુરી પોચી થઈ છે ઘીમાં ચઢી. જમો... ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે. ઝાઝી. જમો... ૪
ચળુ કરો લાવું જળ ઝારી, એલચી લવીંગ સોપારી,
પાન બીડી બનાવી સારી. જમો... ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને,
ભૂમાનંદ કહે રાજી થઈને. જમો... ૬

**(૫) મુખવાસ**

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી;
બીડી પાનનકી રે, બીડી પાનન કી
લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી ॥ ટેક ॥
કાથો ચૂનો વળી, લવીંગ સોપારી,
એલચી મંગાવું મુલતાનનકી લેતા... ૧
એક એક બીડી મોરી, સાસુ નણંદકી;
દુસરી બીડી મોરે લાલનકી લેતા... ૨
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસાડુ,
બાજી ખેલાવું સારી રેનનકી લેતા... ૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસનકી લેતા... ૪

### (૬) રૂડા લાગો છો રાજેન્દ્ર

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે...રૂડા૦ ટેક૦
જરકસીયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી
ગૂઢો રેંટો ઓઢી મન લલચાવતારે...રૂડા૦ ૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તો રે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે...રૂડા૦ ૨
કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે...રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતારે...રૂડા૦ ૪

### (૭) પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈત્ર માસ રે;
તેડાવો જોશી ને પુછાવો નામ રે, નામ ધર્યુ રૂડું શ્રીઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે, સુંદર ભુરા માથે નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે, માતાને મન વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે, રેશમી દોરી લઈ હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત નવી લીલા ગાવે રે;

### (૮) સોનાના બોલ ઝુલે નંદકિશોર,

સોનાના બોલ ઝુલે નંદકિશોર,
પ્યારાને પારણે સોનાનાં બોર.
હીરા માણેક બહુ જડિયાં પારણિયે,
કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર...પ્યારા૦ ૧
કોઈક કાનાને નેણે સારે કાજળિયું,
કોઈક બનાવે રૂડી કસ્તુરીની ખોર...પ્યારા૦ ૨
હીલો ગાવે ને માતા હરિને ઝુલાવે,
હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર...પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વા’લમનું,
ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર...પ્યારા૦ ૪



### (૯) લટકાળા તારે લટકે રે

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાને લીધું તાણી...૧
છોગલીયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકલાઉં ઘરમાં....૨
રાતી આંખડલીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરીયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે...૩
મરમાળી મૂર્તિ તારી રે, વ્હાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી...૪

### (૧૦) વ્હાલા રૂમઝૂમ કરતા કહાન

વ્હાલા રૂમઝૂમ કરતા કહાન, મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે...૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે...૨
વ્હાલા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે;
હું તો જન્મોજન્મની નાથ, દાસી તમારી રે...૩
મારા પ્રાણતણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહો મા નટવર નાવ, મુજથી ન્યારા રે...૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફૂલડે સમારી સેજ, શ્યામ સુધારો રે...૫
વ્હાલા નયણાતણું ફળ નાથ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે...૬

### (૧૧) સ્નેહભર્યા નયને નિહાળતાં હો

સ્નેહભર્યા નયને નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.
અમિમય દૃષ્ટિએ નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.
છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા.
ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા.
સંતોને આનંદ ઉપજાવતા હો...વંદન૦ ૧

બાળચરિત્ર કરી આપે વન વિચર્યા,
તીર્થમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો...વંદન૦ ૨
વલકલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો...વંદન૦ ૩
લોજપુર ધામ રહી સરજાુદાસ કાવીયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રિઝાવીયા,
મુક્તાનંદ પ્રેમ થકી પૂજતા હો...વંદન૦ ૪

**(૧૨) મોગરાનાં ફૂલ સખી**

મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ,
શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ...ટેક૦
લક્ષ્મી વાડી શ્રીજીની રૂડી રઢિયાળી,
પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી;
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતાં ફૂલ..શ્રીજી૦ ૧
ડોલર, ગુલાબ, ગુલ, ચંપો, ચમેલી,
કેતકી, કરેણ, જાઈ, જાુઈ અલબેલી;
મોગરાની પાંખડીમાં સૌરભ અમૂલ...શ્રીજી૦ ૨
ફૂલડે ફૂલડે મેં નામ શ્રીજીનું લીધું;
વીણી વીણીને મારું મનડું પ્રોઈ લીધું;
એકસોને આઠ ચૂટ્યાં મોગરાનાં ફૂલ...શ્રીજી૦ ૩
મોગરાની માળા ગૂંથી માવ કવિ રાયે,
કાવ્યની કુસુમમાળ કદી ના કરમાયે;
વીણગુણ એ માળા તણાં મૂલ છે અમૂલ...શ્રીજી૦ ૪

**(૧૩) જમો જમોને મારા જીવન જુગત**

જમો જમોને મારા જીવન જુગતે, ભોજનિયાં રસ ભરીયાં રે;
પાક શાક તમ સારુ પ્રીતમ, કોડે કરીયાં રે...જમો૦ ૧



તળીયાં ગળીયાં તાજાં તાતાં કનક થાળમાં ધરીયાં રે;
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેબરીયાં રે...જમો૦ ૨
કડી વડી કારેલાં કાજુ, રાઈતણાં દહીથરીયાં રે;
જોઈએ તો ઉપરથી લેજો. મીઠુ જીરુ મરીયાં રે...જમો૦ ૩
બ્રહ્માનંદના નાથ શીરાવ્યા, દૂધભાત સાકરીયાં રે;
ચળુ કર્યું હરિતૃપ્ત થઈને, નીરખી લોચન ઠરીયાં રે...જમો૦ ૪

**(૧૪) શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે**

શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે;
મૂરતિ પ્યારી રે નાખું મારા પ્રાણ વારી રેટેક૦
સુંદરતા જોઈ મુખની શશી સુર લજાઈ રે,
મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઈ રે...શોભા૦ ૧
માન હર્યું મણિધરનું શિખા-કેશ કાળે રે,
અવની ઉપર રહી ન શક્યા, ગયા પાતાળે રે...શોભા૦ ૨
ચંચળ લોચન જોઈને, લજ્જા પામ્યાં તીન રે,
ખંજન કુરંગ વન વસ્યાં, જળે બૂડ્યાં મીન રે...શોભા૦ ૩
ચાલ ચતુરાઈ જોઈને ગજ કરે ધિક્કાર રે,
પ્રેમાનંદ કહે શિર નાખે ધૂળ વારંવાર રે...શોભા૦ ૪

**(૧૫) હું તો જઈશ ગિરધર જોવા રે**

હું તો જઈશ ગિરધર જોવા રે, મા મુને વારીશ માં;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ માં...મા મુને૦ ટેક.
જાઈશ જોવારે હું તો નંદજીનો લાલો,
હાંરે મુને પરમ સ્નેહી લાગે વ્હાલો રે...મા મુને૦ ૧
છેલ છબીલો વ્હાલો કુંજનો વિહારી,
હાંરે એ તો જીવનદોરી છે મારી રે...મા મુને૦ ૨
વારીશ માંરે તુને કહું છું રે વહેલું,
હાંરે હું તો માથું જાતાં નવ મેલું રે...મા મુને૦ ૩
પ્રેમાનંદના સ્વામીને સારુ,
હાંરે કુરબાન કર્યું છે જીવતર મારું રે...મા મુને૦ ૪

### (૧૬) સોનેરી મોળીયું સુંદર સોનેરી મોળીય

સોનેરી મોળીયું સુંદર સોનેરી મોળીયું,(૨) ધર્મકુવરનું;
મોતીડે મોળીયું સુંદર મોતીડે મોળીયું,(૨) રસિક સુંદરનું...૧
ભાલ વિશાળમાં સુદર ભાલ વિશાળ માં,(૨) તિલક કેસરનું;
ભ્રૂકુટી સુંદર જાણીએ ભ્રૂકુટી સુંદર રે,(૨) ઘર મધુકરનું...૨
કરણે કુંડલિયાં કાજુ કરણે કુંડલિયાં, (૨) જડિયલ મોતીએ;
ગોળ કપોળમાં રૂડા ગોળ કપોળમાં,(૨) ઝળળળ જ્યોતિએ...૩
નેણાં રંગીલાં લાલ નેણાં રંગીલા રે,(૨) કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી પ્રેમાનંદ નીરખી, (૨) ઠરી છે આંખડી...૪

### (૧૭) માણકીએ ચડ્યા રે

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...માણકીએ૦ ટેક.
માણીગર સૌને કહે છે થાઓ તૈયાર, મુનિ વરણી પદાતી ને અસવાર.
વ્રતપુરી જાવા કર્યો નિરધાર...માણકીએ૦ ૧
કેસર બેરી બોદલીને ફૂલમાળ, તાજણ તીખી વાગીરીનો ઘણો તાલ;
શોભે ઘણા વ્હાલા લાગે છે મરાળ...માણકીએ૦ ૨
પ્રેમી ભક્ત વિનતી કરે દોડી દોડી, લોહચમક વૃત્તિ મુરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦ ૩
આજ્ઞા આપો અમે જાયે વ્રતપુરી, જાવો પ્રભુ રામનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦ ૪

### (૧૮) મહારાજ આજ વડતાલથી આવશે

મહારાજ આજ વડતાલથી આવશે;
સંગે લાવશે સંતસમાજ, મોહનવર પધારશે...૧
જયા કહે લલિતાને વાતડી,
આવ્યો કાગળ દિવસ વીત્યા સાત, વાંચીને ઠરી છાતડી...૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના;
કાગળ અવધિ પૂરી થઈ આજ, દર્શન સુખરૂપનાં...૩



સાતદિવસે મહારાજ સંત આવશે
લખ્યા વડતાલથી સમાચાર જરૂર પધારશે...૪
આવી માણકી દાદાના દરબારમાં
નીરખી સહજાનંદ ભગવાન શોભે અસવારમાં...૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા,
લાવ્યા ભેટ સામગ્રી ને હાર વહાલાને પહેરાવિયા...૬

### (૧૯) અધમ ઉદ્ધારણ અવિનાશી

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરિધર અવિચળ ટેક તમારી રે...અધમ૦
ભરી સભામાં ભૂધરજી તમે થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો અવગુણિયા વિસારી રે...અધમ૦
જેવો તેવો પુત્ર તમારો અણસમજુ અહંકારી રે;
પેટ પડયો તે અવશ્ય પાળવો વાલમ જુઓ વિચારી રે...અધમ૦
અનળ અહિ જો ગ્રહે અજાણે તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું નહિ જગમાં હિતકારી રે...અધમ૦
બ્રહ્માનંદની એજ વિનતિ મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શ પરસાદી જોયે સાંજ સવારી રે...અધમ૦

### (૨૦) કોડે કોડે એકાદશી કીજીએ

કોડે કોડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જાવા નવ દીજીએ રે. ૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે, તે તો નહાયો કોટીકવાર જાહ્નવી રે. ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યુ રે, તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. ૩
એનો મહિમા મુનિવર ગાય છે રે, અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. ૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વશી રે,કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે ૫

### (૨૧) હરિ બિન કોઈ ન તેરા

હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા;
ચાર દિનકી ચાંદની બીતે, આગે બોત અન્ધેરા...સમજ૦ ૧
મનુષ્ય દેહ દયા કરી દીની, તાતે ચેત સવેરા;
અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ ઘનેરા...સમજ૦ ૨
ભરતખંડ મધ્યે જનમ દિયો હે, જહાં પ્રભુ પ્રગટ બસેરા;
નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા...સમજ૦ ૩

કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા;
મુક્તાનંદ કહે મહાસુખ પાવે, માન્ય બચન દ્રઢ મેરા...સમજ૦ ૪

### (૨૨) હરિ હૈયાના હાર છોજી

હરિ હૈયાના હાર છોજી રે, તમે હરિ હૈયાના હાર છો;
સેજ તણા શણગાર છો...જીરે૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણતણા આધાર છો...જીરે૦ ૧
વાલપણામાં અતીશે વ્હાલા રે, નટવર નંદકુમાર છો...જીરે૦ ૨
દુરીજનીયાને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો...જીરે૦ ૩
મુક્તાનંદ કહે નટ નાટક ધરી રે, શરણાગતના સાર છો...જીરે૦ ૪

### (૨૩) આજ મારે ઓરડે રે .....

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાવાળો છેલ...૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ...૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર...૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર;
પૂછયાં પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર...૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ્યા;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નિરખ્યા તેનાં ભાગ્ય...૭
મસ્તક ઉપરે રે, બાંધ્યુ મોળીડું અમુલ્ય;
કોટિક રવિ શશિ રે, તે તો નાવે તેને તુલ્ય...૮
રેશમી કોરનો રે, કરમાં સાયો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ...૯



### (૨૪) સજની સાંભળો રે

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ...૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...૩
બાજુ બેરખા રે, બાંયે કપુર ના શોભિત,
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત...૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર...૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખઆનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ...૬
અદ્‌ભૂત ઉપમાં રે, કહેતા શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણિત સૂર...૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૯

### (૨૫) એક સમે અમદાવાદમાં

એક સમે અમદાવાદમાં આવ્યા શામ સુજાણ,
મૂર્તિ શોભે મહારાજની ઊગ્યા સૂરજભાણ...૧
નવઘરું શિરે શોભતું, જાણે રવિનો ભાસ,
જોઈને મોહી સુરવનિતા, વિમાન છાયાં આકાશ...૨
મેઘાડંબર હરિ ઉપરે, ઈન્દ્રે ધર્યો તે વાર,
ચંદન પુષ્પની વૃષ્ટિ કરે બ્રહ્માદિ દેવ અપાર...૩
કેસર તિલક સોહામણું, શોભે ભાલ વિશાલ,
નાસા ભ્રૃકુટિ વાંકડી, ગાલે ટીબડીનો તાલ...૪
શોભે અધર અતિ રાતડા, માંહી મધુરીહાસ;
દાસ ગોપાલ કહે, દંતપંક્તિ કરે પ્રકાશ...૫

## (૨૬) આજ સખી આનંદની હેલી

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી...૧
મહારે મુનિના ધ્યાનમાં નાવે, તેરે શામળીયોજી મુજને બોલાવે...૨
જે સુખને બ્રહ્માભવ ઈચ્છે, તેરે શામળીયોજી મુજનેરે પ્રીછે...૩
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘરે બેઠા મળ્યા અક્ષરવાસી...૪
તપરે તીર્થમાં હું કાંઈ નવ જાણું, સ્હેજે સ્હેજે હું તો સુખડારે માણું...૫
જેરામ કહે સ્વામિ સ્હેજે મળીયા, વાતની વાતોમાં વ્હાલો અઢળક ઢળીયા...૬

## (૨૭) શ્રીજી અને સહુ સંતો રે

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;
હું છું તમારે શરણે રે, પુરૂષોત્તમ લાગુ પાય...શ્રીજી૦ ટેક૦
હું અનંત ભવમાં ભટક્યો, આવી ઈયાંરે અટક્યો.
ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છૂટકો રે...પુરુ૦ ૧
નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;
નક્કી અક્ષરધામનિવાસી, મેં ઓળખ્યા અવિનાશી રે...પુરુ૦ ૨
મુને મલ્યા સહજાનંદ સ્વામી, ભાંગી જન્મોજન્મની ખામી;
નારાયણ છો બહુનામી, ઉગારો અંતર્યામી રે...પુરુ૦ ૩
પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામે સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષયસુખ આપો રે...પુરુ૦ ૪

## (૨૮) પ્રાર્થના પદ

શ્રીજી મહારાજ માગું શરણ તમારું, વહારે વહેલા અમારી આવજો;
સહજાનંદ વહેલા પધારજો ટેક૦
આરે સંસારમાં અનેક ઉપાધિ, ત્રિવિધ તાપ બળે આધિને વ્યાધિ;
તેથી બહુનામી બચાવજો ...સહજાનંદ૦ ૧
દુરિજની આ મળી દુઃખ બહુ દે છે, નહિ રે કહેવાનાં વચનો કહે છે;
એનાં અભિમાન ઉતરાવજો ...સહજાનંદ૦ ૨
અમારે મન એક તમારી ટેક છે, અમ જેવા તો પ્રભુ તમને અનેક છે;
પોતાનો જાણી નીભાવજો ...સહજાનંદ- ૩
માગે કવિ માવદાન મદદ તમારી, અલબેલા સહાય કરજો અમારી;
મુક્ત મંડળને સાથે લાવજો ...સહજાનંદ૦ ૪



## (૨૯) સંત સમાગમ

સંત સમાગમ કીજે હો, નિશદિન... સં૦ ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો. નિ૦ ૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે હો. નિ૦ ૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે હો. નિ૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો. નિ૦ ૪

## (૩૦) માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે

માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે,
ઝુલે રૂપાળો રંગભીનો રાજીવનેણ...માતા૦ ૧
મુખડું નીરખી નીરખી જાયે હરિને વારણે,
બોલે ખમાં ખમાં કહી માતા મધુરાં વેણ...માતા૦ ૨
ઘડિયું વિશ્વકર્માએ પારણિયું બહુ શોભતું,
જડીયા પારણિએ મણિ હીરા રત્ન અપાર;
ઓપે ઓસરીએ નરનારીનાં મન લોભતું,
ઝળકે સૂરજના રથ સરખું બિંબાકાર...માતા૦ ૩
પોઢ્યા પારણીયે હરિકૃષ્ણ ધર્મસુત શ્રી હરિ,
પ્રગટ્યા પુરુષોત્તમજી અધમ ઓધારણ હાર;
માતા હિલો ગાવે ઝુલરાવે પ્રીતે અતિ,
વહેલા મોટા થાઓ હૈડા કેરા હાર...માતા૦ ૪

## (૩૧) મારે આજ પ્રીતમ ઘેર આવશેજી

મારે આજ પ્રીતમ ઘેર આવશેજી રે, મુને હેત કરીને બોલાવશેજીરે...મારે૦ ૧
એના સાથીડાને સાથે લાવશે, કરી લટકાં તાળી દઈ ગાવશેજીરે...મારે૦ ૨
હરિ હેતે કરીને સામું ભાળશે, રંગડાની તે રેલું વાળશેજીરે...મારે૦ ૩
કરી ખ્યાલ અલૌકિક ખેલશે, માથે ફૂલડાનાં છોગલાં મેલશેજીરે...મારે૦ ૪
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો, સુખ દેશે આવીને ઉતાવળોજીરે....મારે૦ ૫

# વિભાગ-૩ શિક્ષાપત્રી શ્લોક

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું, તે શ્રીકૃષ્ણ કેવા છે, તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થલને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।
यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ॥३॥

શ્રીધર્મદેવથકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તકપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે); ॥૩॥

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥७॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે, તે સર્વે-તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિત્રાપત્રી, જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ, તે ન પીવું; અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાંક હોય, તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यं शौचविधिस्ततः ॥४९॥

અને અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું, અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।
कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥२०८॥

અને અમારા જે આશ્રિત સત્સંગી, તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો; અન જેને ભણતાં આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું; ॥૨૦૮॥



# આપણી ગુરુપરંપરા

## (વચનામૃત વડતાલ-૧૮)

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે.
શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે.
આપણા ધર્મગુરુ આચાર્ય મહારાજશ્રી
એમના ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે.
એમના ગુરુ રામાનંદ સ્વામી છે.
એમના ગુરુ રામાનુજાચાર્ય છે.

## જયનાદ

શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી નરનારાયણ દેવની જય
શ્રી રાધાકૃષ્ણ દેવની જય
શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય
શ્રી ગોપીનાથજી મહારાજની જય
શ્રી રાધારમણદેવની જય
શ્રી મોરલી મનોહરદેવની જય
શ્રી મદનમોહન મહારાજની જય
શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી વિઘ્ન વિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજન દેવની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની જય